સીલસીલે ઇમામત.

યાને

ઇમામતની સંકલના.

ભાગ ૧ લો.

શીઆ ઇમામી ઇસ્માઇલી કોમના
વિદ્યાર્થીઓ માટે.

રચનાર:—

હરજીભાઈ પુંજા માસ્તર.

પ્રગટ કરનાર:—

મુખી લાલજીભાઈ દેવરાજ.

ધી ખોજા સિન્ધી પ્રેસ,
૧૧૩ ચાલની મહોલ્લા, મુંબઈ નં. ૯.

આવૃત્તિ પાંચમી.] સન ૧૯૨૩ [નકલ ૨૦૦૦

કીમત ૦।

સીલસીલે ઇમામત.

યાને

ઈમામતની સંકલના.

ભાગ ૧ લો.

શીયા ઇમામી ઇસ્માઇલી સ્કુલોના
વિદ્યાર્થીઓ માટે.

રચનાર:-
હરજીભાઈ પુંજા માસ્તર.

પ્રગટ કરનાર:-
મુખી લાલજીભાઇ દેવરાજ.

ધી ખોજા સિન્ધી પ્રેસ,
૧૧૩ પાલખી મહોલ્લા, મુંબઈ નં. ૯.

આવૃતી પાંચમી.] સન ૧૯૨૩ [નકલ ૨૦૦૦

આ બુક મેનેજર ગુલામહુસેન રાજનભાઈએ ધી
ખોજા સીંધી પ્રીન્ટીંગ પ્રેસ, ૧૧૩ પાલખી મોહલા,
મુંબઈ નં ૯ માં મુખી લાલજીભાઇ
દેવરાજ માટે છાપી અને મુખી
લાલજીભાઇ દેવરાજે ધી ખોજા સીંધી
પ્રી. પ્રેસ ૧૧૩, પાલખી મહોલા
મુંબઈ નં. ૯ માં પ્રગટ કરી.

સાંકળિયું

પ્રસ્તાવના.

શીયા ઈમામી ઇસમાઇલી દીનના રાહનુમા, પેશવા, રૂહાની સરદાર, હક મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર, હાજર ઈમામની પાક ગાદી કલપે કલપ તથા જુગા જુગ, દસ અવતારો, સીતોતેર પાત્રો તથા અડતાલીસ ઇમામોના રુપમાં સીલસીલા બંધ જગતમાં જાહેર રીતે ચાલુ રહેલી છે.

મહાન બોધ ગુરૂ પીર સદરદીન સાહેબે શીયા ઈમામી ઈસમાઇલીઓ માટેની દુઆ નામની બંદગી રચી આપી છે, તેમાં ઇમામતનો સીલસીલો સંપુરણ રીતે વીશનાપુરીના વીભાગમાં દર્શાવેલો છે, જે હકીકતી ઇસમાઇલી મોમનો બંદગી કરતી વખતે મુખ પાઠે પડી જાય છે.

હાજર ઈમામ મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતારને ખરચે નીભાવવામાં આવતી મુંબઈના ખડક ઉપરના મોટા જમાતખાનાની સ્કુલમાં ધાર્મીક

વીષયોના શીક્ષણ માટે માસ્તર તરીકે ગુજારેલી નવ વરસની મારી કારકીરદી દરમ્યાન વીદ્યાર્થીઓને ઇમામતના સીલસીલાનું શીક્ષણ આપવા માટે સવાલ જવાબ રૂપે એક પ્રશ્નોત્તર બુક લખી રાખવાની તે વખતે મને જરૂર જણાઈ આવી હતી.

ઇસમાઇલી લીટરેચર સોસાયટીના સુપરવાઇઝર મરહુમ માસ્તર હાસમભાઇ બોઘા કે જેઓએ ઇસમાઇલી દીનને લગતાં કેટલાંક ઉપયોગી પુસ્તકો રચીને પ્રગટ કીધાં છે, તેમજ તેઓ ઉદાર વતીથી બીજા ઉછરતા વીદ્વાનોને ઉમંગથી સહાયતા આપવા પોતાની ફરજ સમજતા હતા, તેઓએ મીસર, તુર્કસ્તાન, બદકશાન વીગેરે દુર દરાજના મુલકોના અરબ તથા અજમ ઇસમાઇલી મુરીદોની જાતી મુલાકાતથી, તથા ઇંગ્રેજી, ફારસી, અરબી વીગેરે પરભાષાઓના પુસ્તકોમાંથી બારીક શોધ ખોળ કરી, " ઇસમાઇલી દર્પણ " નામે પુસ્તકમાં ઇસમાઇલી અડતાલીસ ઇમામોની ઇમામતના ઇસવી સન તથા હીજરી સનની મહાન ઉપયોગી તેમજ સંગીન ટીપ દાખલ કરી, ખરેખર! ઇસમાઇલી દીનની એક અગત્યની સેવા બજાવી છે. મરહુમ માસ્તર હાસમભાઇ બોઘાની જાતી મુલાકાત તથા તેમના રચેલા મજકુર " ઇસમાઇલી દર્પણ " નામના પુસ્તકની

મદદથી આ "સીલસીલે ઇમામત" નામનું લઘુ પુસ્તક રચવા હું ભાગ્યશાળી થયો છું, તેને માટે આ પ્રસંગે ફરીથી હું તેમનો ખાસ ઉપકાર માનું છું.

સીલસીલે ઇમામતની હાલની છપેલી નોટ બુકમાંથી સ્કુલના વીદ્યાર્થીઓને નોટ લખાવવાની મોટી મુશ્કેલી મને પડતી હતી, તેમજ સ્કુલનો મારો કેટલોક ઉપયોગી વખત તેમાં રોકાઇ જતો હતો. આ નોટબુકની બુક છપાવવામાં આવે તો સ્કુલના મારા ટાઇમનો ઘણો બચાવ થાય, અને તે ટાઇમ વીદ્યાર્થીઓને બીજું ઉપયોગી શીક્ષણ આપવામાં કામ લાગે, એવું સમજીને મારી રચેલી સીલસીલે ઇમામતની પહેલી આવૃતી છપાવી આપવા મેં ઇસમાઇલી લીટરેચર સોસાયટીને અરજ કરી હતી, એ સોસાયટીએ પોતાના કાયદા પ્રમાણે સામું મને ઇનામ આપીને પહેલી આવૃતી છપાવી આપવાની જે મહેરબાની કરી હતી તેને માટે આ તકે તેમનો ઘટતો આભાર માનું છું.

મજકુર ઇસમાઇલી લીટરેચર સોસાયટી હાલમાં બંધ કરવામાં આવેલ હોવાથી બીજી ત્રીજી ચોથી તથા પાંચમી આવૃતી મુખી લાલજીભાઇ દેવરાજ (ધી ખોજા સીંધી

પ્રીન્ટીંગ પ્રેસ) તરફથી બહાર પાડવામાં આવી છે, તે માટે આ તકે તેમનો ઉપકાર માનવાને મારે ભુલવું જોઇએ નહીં.

મને મારા આ કાર્યમાં મુખ્ય મદદ કરનાર મરહુમ માસ્તર હાસમભાઇ બોઘાના જન્નતનશીન રૂહને હજારો હજાર દુઆ મોકલતાં મૌલા તેમને અખંડ શાંતિ આપે એવું મારા અંતઃકરણથી ઇચ્છું છું.

લી૦ સેવક,

હરજી પુંજા માસ્તર.

સીલસીલે ઇમામત

યાને

ઈમામતની સંકલના.

પ્રકરણ પહેલું.

જગતની ઉત્પતી-કરણ, કલ્પ અને યુગ.

કલામે પીર.

પ્રથમ સામીજીએ પયદા કર્યાં,
એ ભાઇ જ્યારે હુતા તે ધુંધુકાર;
તારે બીજો તે હુતો કાંઇ નહિ,
અને એક હુતા તે નીરાકારરે.

સ—ધંધુકાર એટલે શું?

જ—સુનકાળનો વખત (એટલે તે વખતમાં જગત, ચંદ્ર, સુર્ય, આકાશ, તારા મંડળ જમીન, જીવા જોડ; મા બાપ વીગેરે કોઇ વસ્તુ હસ્તી ધરાવતી નહી હતી.)

સ—ત્યારે તે વખતે કોણ હતું?

જ—ફકત પાક પરવરદીગાર (નીરીંજન નીરાકાર) હતા.

સ—તે વિષે જ્ઞાન શરીફ બોલો.

જ—

કલામે પીર.

પહેલે ધંધુકાર સાહેબે રચાયા,
તે રચનાકી કુદરત સાચી—
એબી તઇંએ તમે.

છત્રીસ જુગ, ચોરાશી ચોકડી,
એક ધ્યાને નર રહ્યા—
એબી તઇંએ તમે.

માઇ ન બાપ, પુત્ર ન બંધવા,
મન સંતોષી નર રહ્યા—
એબી તઇએ તમે.

ધરતી ન હોતી, આકાશ ન હોતા,
તીસ દીન તું એક ઈલાહી-
એબી તઈએ તમે.

સ—ત્યાર પછી ખુદાવંદ તાલાએ શું પેદા કર્યું ?

જ—પાક પરવરદીગારે જગતની ઉત્પતી કરવા માટે, પોતાના ઇશ્ક યાને હેતથી ફીણનો ગોટો ઉત્પન્ન કર્યો.

સ—તે ફીણના ગોટામાંથી શું ઉત્પન્ન કર્યું ?

જ—ફીણના ગોટાનો ઈંડા જેવો, લંબગોળ આકાર બનાવ્યો.

સ—તે ઈંડાકારમાંથી શું રચના રચાવી ?

જ— તે ઈંડાકાર ઘણા વખત સુધી પોતાના હાથમાં રાખી તેનો ફેલાવો કર્યો, અને તેમાંથી સાત તબક જમીન તથા દસ આસમાન પેદા કર્યા.

સ—તે વિષે જ્ઞાન શરીફમાંથી પાઠ આપો.

જ—

કલામે પીર.

તારે અહંકાર કરતાં સામીજીએ
ઈંડા ઉંચા ચડાવ્યો,

એ ભાઇ તે માંહેથી થયા
દશ આસમાનનો આકાર;
ત્યાંથી તે ઇંડા નીચે આવ્યો,
તે માંહેથી થયા સાત તબક જમીનના
તેણી વારરે.

સ—તેની માયના કરો.

જ—ખુદાવંદતઆલાએ પોતાની કુદરત માંહેથી સાત પાતાલ તથા દસ આસમાન બનાવ્યા અને ત્યાર-પછી અસંખ્ય વરસો સુધી નીરાકાર રહ્યા.

સ—તે પછી શું બનાવ્યું?

જ—પોતાના નુરમાંથી ચાર મુરત પેદા કરી અને પાંચમાં પોતે તેમાં રહ્યા.

સ—તે વિષે ગ્નાનમાંથી સાબીતી આપો.

જ—

કલામે પીર.

તે ચાર મુરતમાં પાંચમું પોતે રહ્યા,
અને વળી પોતાના નુર રાખ્યો નીરાકાર;
તેનો તે એક કુતુબ તારો બનાવ્યો,
તેને લઇ ધર્યો આસમાન મીંઝારરે.

સ—તેની માયના કરો.

જ—પોતાના નુરમાંથી ચાર મુરત પેદા કરી અને પાંચમું પોતાનું નુર સાકાર રૂપે સામેલ કર્યું.

સ—તે પાંચ મુરતના નામ કહો.

જ—(૧) હ૦ નબી મહમદ મુસ્તફા, (૨) હ૦ મૌલા મુરતજાઅલી, (૩) હ૦ બીબી ફાતમા ઝોહરા, (૪) હ૦ ઇમામ હસન અને (પ) હ૦ ઇમામ હુસેન.

સ—તે પાંચે તનનું એક નામ કહો.

જ—હ૦ પંજતન પાક સાહેબ.

સ—તે પાંચે તનનાં નુર સ્વરૂપને શું કહે છે?

જ—નુરે ખુદા, નુરે પંજતન પાક (એટલે પાંચ જણામાં ખુદાનું એક નુર છે.)

સ—તે નુરમાંથી પહેલા કોને પેદા કર્યાં? તેનો જ્ઞાન શરીફમાંથી પાઠ બોલો.

જ—

કલામે પીર.

તેજ સ્વરૂપી તે અલી પોતે કહીએ,
અને મહમદ રુપી તે ગુર બ્રહ્માજી અવતાર;
બીબી ફાતમા તે માહા દેવી શકિત કહીએ,

ઇશ્વર આદમ એ તો હ૦ ઈમામ હસન
હ૦ ઇમામ હુસેનનો અવતાર.

સ—તેની માયના કરો.

જ—વિશ્નુનો જેમો નર અલી મૌલા મુરતજાઅલી,
ગુર બ્રહ્માનો જેમો નબી મહમદ મુરતફા (સ૦)
અને ઇશ્વર આદમ તે હ૦ ઈમામ હસન અને
હ૦ ઇમામ હુસેનમાં શાહી નુર છે.

સ—ખુદાવંદતઆલાએ પોતાના શરીરના ભાગમાંથી
પંજેતન પાક પેદા કર્યાં તે વિષે ગ્નાન શરીફમાંથી
પાઠ આપો.

જ—

કલામે પીર.

આપણા માથા મુબારકમાંથી નબી
મહમદ મુસ્તફા કીયા,
અને મઉલા અલી તે પોતે અલી અવતાર;
સીના મુબારકની હજરત બીબી ફાતમા,
અને નુર ચશ્મ હ૦ ઈમામ હસન
હ૦ ઇમામ હુસેન દિલ ઠારરે.

સ—ત્યાર પછી ખુદાવંદતઆલાએ શું પેદા કર્યું ?

જ—પોતાની કુદરતમાંથી દાદા આદમના પુતળામાં રૂહ ફુંકયો અને તેના ડાબા અંગમાંથી બીબી હવાને પેદા કર્યા.

સ—અને તેનાથી કોને પેદા કર્યા ?

જ—તેઓ અને બુજર્ગવારમાંથી જગતના મનુષ્યોની ઉત્પતી થઇ.

સ—જગતના મનુષ્યોને હિદાયત કરવા માટે શું ઉત્પન્ન કર્યું ?

જ—ખુદાવંદના નુર પંજેતન પાકના નુરમાંથી ત્રણ કરણનાં જમાનામાં જગતના મનુષ્યોને બોધ આપવા શ્રીભગુવર દાતારના સતર જોમા થયા.

ત્રણ કરણ.

સ—પહેલા ખુદાવંદઆલાએ કયો જમાનો પેદા કર્યો?

જ—ત્રણ કરણનો જમાનો.

સ—કરણ એટલે શું?

જ—ચાર જુગ અને ચાર કલ્પની આગળ થઇ ગયેલો જમાનો અને અગીયાર લાખ વરસનો એક જુગ હોય એવા ત્રીસ જુગનો એક કરણ, કુલ્લે ત્રણ કરોડ અને ત્રીસ લાખ વરસનો એક કરણ થાય

છે. તેવા ત્રણ કરણમાં નવ કરોડ અને નેવું લાખ વરસની મુદ્દત થાય છે.

સ—તે ત્રણ કરણમાં કેટલા વીષ્નુના જોમા થયા?

જ—વીષ્નુના ૧૭ જોમા (અવતાર) થયા.

સ—તેના નામ કહો.

જ—૧ શ્રી અહુણાદ, ૨ અલખ, ૩ નામનીલ, ૪ અનીલ, ૫ સુન, ૬ સાન, ૭ નાન, ૮ ગ્યાન, ૯ નુર, ૧૦ તેજ, ૧૧ જળ, ૧૨ કમળ, ૧૩ અદખુધ, ૧૪ જાગ, ૧૫ તંતવ, ૧૬ પ્રેમ તંતવ, ૧૭ આદ પુરુષ.

સ—આદ પુરૂષમાંથી કોણ ઉત્પન્ન થયા?

જ—આદ પુરૂષના નાભી ચક્રમાંથી ગુર બ્રહ્મા પેદા થયા.

૪ કલ્પ

સ—ત્રણ કરણનો જમાનો પુરો થયા પછી ખુદાવંદતાલાએ શું પેદા કર્યું?

જ—કલપનો જમાનો.

સ—કલપ એટલે શું?

જ—બ્રહ્માનો એક દિવસ.

સ—બ્રહ્માનો એક દિવસ એટલે શું?

જ—જગતની એક વખતની ઉત્પતી.

સ—એક કલપમાં કેટલા વરસ હોય છે?

જ—ચાર અબજ અને બત્રીશ કરોડ વરસનો એક કલપ અથવા એક હજાર ચોકડી અથવા મહાયુગ કહેવાય છે.

સ—કલપ કેટલા છે?

જ—કલપ ચાર છે.

સ—તેમના નામ બોલો.

જ—૧ જાયલા, ૨ દ્રાયલા, ૩ અરજા, ૪ ખલીફા.

૧—જાયલા કલપ.

સ—પહેલા જાયલા કલપમાં વિષ્નુના કેટલા અવતાર થયા?

જ—ચાર અવતાર થયા.

સ—તે ચારેના નામ બોલો

જ—૧ હવ, ૨ કવ, ૩ ધરમ, ૪ કેશવ.

સ—પહેલા જાયલા કલપમાં કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા?

જ—નવાણું કરોડી જીવ અમરાપુરીમાં ગયા.

૨—દ્રાયલા કલપ.

સ—બીજા દ્રાયલા કલપમાં વિષ્નુના કેટલા અવતાર થયા?

જ—ત્રણ અવતાર થયા.

સ—તેના નામ કહો,

જ—૧ તઉિણાદ, ૨ ઉતરા, ૩ હરીતક.

સ—બીજા ફાયલા કલપમાં કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા?

જ—છપન કરોડ મેઘમાળા અમરાપુરીમાં ગયા.

૩—અરજા કલપ.

સ—ત્રીજા અરજા કલપમાં વિષ્નુના કેટલા અવતાર થયા?

જ—બે અવતાર થયા.

સ— તેના નામ કહો.

જ—૧ પરૂરવા અને ૨ અંતઅતીત.

સ—ત્રીજા અરજા કલપમાં કેટલાં કરોડી જીવ અમરાપુરીમાં ગયા ?

જ—ત્રીજા અરજા કલપમાં બત્રીસ કરોડી કીનર અમરાપુરીમાં ગયા.

૪—ખલીફા કલપ.

સ—ચોથા ખલીફા કલપમાં વીષ્નુના કેટલા અવતાર થયા?

જ—એક અવતાર થયો.

સ—તેનું નામ બોલો.

જ—પ્રેમરૂખ.

સ—ચોથા ખલીફા કલપમાં કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા?

જ—તેત્રીશ કરોડી દેવ અમરાપુરીમાં ગયા.

સ—ત્યાર પછી ખુદાવંદતઆલાએ શું પેદા કર્યું?

જ—ચોથા કલપની ચાર ઘડી બાકી હતી. તેમાંથી ત્રીજો જમાનો ચાર યુગનો બનાવ્યો.

સ—યુગ એટલે શું?

જ—શાસ્ત્રોમાં ઠરાવેલો લાંબો વખત.

સ—યુગ કેટલા છે?

જ—યુગ ચાર છે.

સ—તેઓના નામ કહો.

જ—૧ કર્તા, ૨ ત્રેતા, ૩ દુઆપુર, ૪ કલયુગ,

૧—કરતા યુગ.

સ—પહેલા કર્તા યુગમાં વીષ્નુના કેટલા અવતાર થયા?

જ—ચાર અવતાર થયા.

સ—તેઓના નામ કહો,

જ—૧ મચ્છ, ૨ કોરભ, ૩ વારાહ, ૪ નરસિંહ.

સ—પહેલા કરતા યુગમાં ભકત કેટલા થયા?

જ—ચાર ભકત થયા.

સ—તેઓના નામ બોલો.

જ—૧ રૂખ મુગત, ૨ અંબરીશ, ૩ ધ્રુવ, અને ૪ પહેલાજ.

સ—પહેલા કરતા યુગમાં અસુર (દઈત્ય) કેટલા થયા?

જ—ચાર થયા.

સ—તેના નામ કહો.

જ—૧ સંખાસુર, ૨ મધુકીટક, ૩ મોર, અને ૪ હરણાકંસ.

સ—કરતા યુગના મુખીનું નામ કહો.

જ—રાજા પહેલાજ.

સ—પહેલા મુખી સાથે કેટલા કરોડી જીવ હતા?

જ—પહેલા મુખી પહેલાજ સાથે પંદર કરોડી જીવ હતા.

સ—તેમાંના કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા?

જ—તેમાંથી ફકત પાંચ કરોડી જીવ અમરાપુરીમાં ગયા.

સ—બાકીના જીવોની ગતી કેવી થઇ?

જ—બાકી દસ કરોડી જીવમાંથી પાંચ કરોડી જીવ આવાગમણ (ફરીથી અવતાર લેવા) માં પડ્યા અને પાંચ દોજકમાં ગયા.

સ—આવાગમણ એટલે શું?

જ—લખ ચોરાશીના ફેરા (એટલે જનમવું અને મરવું)

સ—પહેલા કરતા યુગમાં જાપ કોના નામનો જપતા હતા?

જ—વીષ્નુના અવતાર "નરસીંહ ભગવાનનો."

સ—કરતા યુગમાં વ્રત શેનું કરતા હતા?

જ—સોમવારી એકાદશીનું વ્રત રાખતા હતા.

સ—કરતા યુગમાં દાન શેનું આપતા હતા?

જ—કુંજર એટલે હાથીનું દાન.

સ—કરતા યુગમાં ઘટપાટ શેના હતા?

જ—સોનાના ઘટ તથા સોનાના પાટ.

સ—કરતા યુગમાં આદ ગુરૂ કોણ હતા?

જ—આદ ગુરૂ બ્રહ્માજી હતા.

સ—કરતા યુગનું પરમાણ કહો.

જ—કરતા યુગ ૧૭,૨૮,૦૦૦ વરસ સુધી હતો.

સ—કરતા યુગમાં દાગ (માણસ મરી ગયા પછી અવલ મંજલે પોંચાડવું તે) શેના હતા?

જ—જળ દાગ.

સ—જળ દાગ એટલે શું?

જ—માણુસ મરી ગયા પછી તેને જળમાં મુકી આવવું તેને જળદાગ કહે છે.

૨—ત્રેતા યુગ.

સ—બીજા ત્રેતા યુગમાં વીષ્નુના કેટલા અવતાર થયા?

જ—ત્રણ અવતાર થયા.

સ—તેમના નામ કહો.

જ—૧ વાયમણ, ૨ ફરસીરામ, ૩ રામચંદ્રજી.

સ—બીજા ત્રેતા યુગમાં ભકત કેટલા થયા?

જ—ત્રણ ભકત થયા.

સ—તેઓના નામ કહો.

જ—૧ કમળાધેન, ૨ કમળાપતી, ૩ હરીચંદ્ર.

સ—બીજા ત્રેતા યુગમાં દઈત્ય (અસુર) કેટલા થયા?

જ—ત્રણ થયા.

સ—તેના નામ કહો.

જ—૧ બળ, ૨ સહસ્ત્રાર્જુન, ૩ રાવણ.

સ—બીજા ત્રેતા યુગના મુખીનું નામ કહો.

જ—રાજા હરીચંદ્ર.

સ—તેની રાજધાનીનું નામ કહો.

જ—અયોધ્યા શહેર.

સ—ત્રેતા યુગના મુખી હરીચંદ્રની સ્ત્રી તથા છોકરાનું નામ કહો.

જ—રાણી તારા સતી તથા પુત્ર રોહીદાસ.

સ—બીજા ત્રેતા યુગના મુખી રાજા હરીચંદ્રની સાથે કેટલા કરોડી જીવ હતા?

જ—૨૧ કરોડી જીવ હતા.

સ—તેમાંથી કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા?

જ—તેમાંથી ફકત સાત કરોડી જીવ અમરાપુરીમાં ગયા.

સ—બાકીના જીવોની કેવી ગતી થઇ?

જ—બાકી ૧૪ કરોડમાંથી ૭ કરોડી જીવ આવાગમ-ણમાં ગયા અને બાકી ૭ કરોડી જીવ દોજકમાં ગયા.

સ—બીજા ત્રેતા યુગમાં જાપ કોના નામનો જપતા હતા?

જ—વીષ્નુના અવતાર "શ્રી રામચંદ્રજી" ભગવાનનો.

સ—વ્રત (અપવાસ શેના કરતા હતા?

જ—મંગળવારી ચઉદસનો.

સ—દાન શેના દેતા હતા?

જ—અશ્વ દાન એટલે ઘોડાનું દાન.

સ—ચટપાટ શેના હતા?

જ—રૂપાના ઘટ અને રૂપાના પાટ.

સ—આદ ગુરૂ કોણ હતા?

જ—આદ ગુરૂ વશીષ્ટ રુષી.

સ—ત્રેતા યુગનુ પરમાણુ કહો.

જ—૧૨,૯૬,૦૦૦ વરસ.

સ—દાગ શેના હતા?

જ—વન દાગ.

સ—વન દાગ એટલે શું?

જ—માણસ મરી જાય પછી તેને વનમાં મુકી આવવું તે.

૩—દુઆપુર યુગ.

સ—ત્રીજા દુઆપુર યુગમાં વીષ્નુના કેટલા અવતાર થયા?

જ—બે અવતાર થયા.

સ—તેનાં નામ કહો.

જ—૧ શ્રી કૃષ્ણજી, અને ૨ શ્રી બુદ્ધ.

સ—દુઆપુર યુગમાં ભકત કેટલા થયા?

જ—બે ભકત થયા.

સ—તેમના નામ કહો.

જ—૧ સહદેવ, ૨ જુજેષ્ઠણ,

સ—દુઆપુર યુગમાં દઈત્ય કેટલા થયા ?
જ—બે થયા.
સ—તેના નામ કહો.
જ—૧ કંસ અને ૨ દુર્યોધન.
સ—ત્રીજા દુઆપુર યુગના મુખીનું નામ કહો,
જ—રાજા જુજેષ્ટજી (યુધીષ્ટીર)
સ—તેની રાજધાનીનું નામ કહો.
જ—ઈંદ્રપ્રસ્થ (દીલ્હી)
સ—મુખી જુજેષ્ટળના પીતા તથા માતાનું નામ કહો,
જ—પીતા પાંડુ રાજા, તથા માતા કુંતાજી.
સ—તેમની રાણીનું નામ કહો.
જ—સતી દ્રોપદી (પંચાળી)
સ—પાંચ પાંડવના નામ કહો,
જ—૧ જુજેષ્ટળ (રાજા ધરમ) ૨ ભીમ ૩ અરજુન
૪ સહદેવ, ૫ નીકુળ
સ—પાંડવોની સામે કોણે લડાઇ કરી હતી.
જ—તેમના કાકાના છોકરા દુર્યોધન તથા તેના ૯૯ ભાઇઓએ જેઓ કૌરવોને નામે ઓળખાતા હતા.
સ—લડાઇ થવાનું કારણ શું ?
જ—સત્યને માટે લડાઇ થઈ, તેમાં તે વખતના વીષ્નુ અવતાર શ્રી કૃષ્ણજીએ (સત્ય) પાંડવનો પક્ષ કર્યો હતો અને દુષ્ટ બુદ્ધિના કૌરવોનો નાશ થયો.

અને દઈત્ય દુર્યોધનને બુધ્ધાવતાર રૂપી શ્રી વીષ્નુએ મારયો.

સ—કયા ઠેકાણે અને કેટલા વરસ પહેલાં લડાઇ થઇ હતી ?

જ—ઇ૦ સ૦ પુર્વે ૫૦૦૦ વરસ ઉપર હાલના દીલ્લી પાસે અડતાલીસ ચોરસ માઇલના ઘેરાવાનું પાણીપત નામનું મેદાન છે તે મેદાનમાં લડાઇ થઇ હતી.

સ—દુઆપુર યુગના મુમ્મી સાથે કેટલા જીવ હતા ?

જ—કુલ ૨૭ કરોડી જીવ હતા.

સ—તેમાંથી કેટલા કરોડી અમરાપુરીમાં ગયા ?

જ—તેમાંથી નવ કરોડી અમરાપુરીમાં ગયા.

સ—બાકીના ૧૮ કરોડી જીવની શું ગતી થઇ ?

જ—૯ કરોડી આવાગમણમાં ગયા અને ૯ કરોડી દોજખમાં ગયા.

સ—દુઆપુરમાં યુગમાં જાપ કોનો જપતા હતા ?

જ—શ્રી કૃષ્ણજીનો (તે વીષ્નુનો આઠમો અવતાર)

સ—દુઆપુર યુગમાં વૃત શેનું રાખતા હતા ?

જ—બુધવારી અમાસનું.

સ—દાન શેના દેતા હતા ?

જ—ગઉઆ દાન એટલે ગાય-વાછરડાનું દાન.

સ—ઘટપાટ શેના હતા ?

જ—તાંબાનાં ઘટ તથા તાંબાના પાટ.

સ—આદ ગુરૂ કોણ હતા ?

જ—વીદુર વ્યાસજી.

સ—દુઆપુર યુગનું પરમાણ કહો.

જ—૮,૬૪,૦૦૦ વરસ.

સ—દાગ શેના હતા?

જ—અગન દાગ.

સ—અગન દાગ એટલે શું ?

જ—માણુસ મરી ગયા પછી તેને બાળી નાખે તેને અગન દાગ કહે છે,

૪—કલ્લ યુગ.

સ—ચોથા કલયુગમાં વીષ્નુનાં કેટલા અવતાર થયા?

જ—એક અવતાર.

સ—તેનું નામ કહો.

જ—શ્રી નકલંકી અવતાર મૌલા મુરતઝાઅલી.

સ—પાક પરવરદીગારે અસંખ્ય વરસો પહેલાં શું પેદા કર્યું?

જ—નુરે પંજતન પાક સાહેબ.

સ—તે નુરનું શું બનાવ્યું હતું?

જ—કુતુબ તારો અને તે કુતુબ તારામાંથી સઘળી સૃષ્ટીની રચના રચાવી.

સ—તે નુરે પંજતન પાક સાહેબનું સ્વરૂપ કહો?

જ—તે નુરે પંજતન પાક સાહેબ (નુરે ખુદા) જે અસંખ્ય વરસ ઉપર નુર હતું તે નુર સારીરીક અવતારમાં ઈ૦ સ૦ ૫૭૦ માં પંજતન પાક એટલે પાંચ તનમાં જલવાગર થયું અને તેઓ એશીયા ખંડમાં અરબસ્તાન દેશમાં જાહેર થયા અને ઇસ્લામ ધર્મનો પ્રચાર કર્યો.

સ—દશમા નકલંકી અવતારનો જન્મ કયા શહેરમાં થયો?

જ—અરબસ્તાન દેશમાં શહેર મકકામાં.

સ—ચોથા કલયુગમાં ભકત કેટલા છે?

જ—એક ભકત છે.

સ—તેનું નામ કહો.

જ—કમળા કુંવર.

સ—કલયુગમાં કેટલા દઇત્ય છે?

જ—એક દઇત્ય.

સ—તેનું નામ કહો.

જ—દઇત્ય કાલીંગો.

સ—ચોથા કલયુગના મુખીનું નામ કહો.

જ—મુખી સતગુર પીર સદરદીન સાહેબ.

સ—પીરની પુકીઉંમાં કેટલામાં પીર?

જ—૨૬ માં પીર.

સ—તેઓએ આપણા વડવાઓને ઇસમાઇલી દીનનું શીક્ષણ કયા વખતમાં આપ્યું?

જ—આપણા ૩૦ મા ઇમામ શ્રી ઇસલામ શાહના વખતમાં.

સ—તેઓ કયા મુલકમાંથી આવ્યા હતા?

જ—ઇરાન દેશમાંથી.

સ—આપણા વડવાઓ તે વખતે કયો ધર્મ પાળતા હતા?

જ—તેઓ હીંદુ હતા.

સ—કલયુગના મુખી પીર સદરદીન સાથે કેટલા કરોડી જીવ હતા?

જ—૩૬ કરોડી જીવ હતા તેમાંથી ૧૨ કરોડી અમરાપુરીમાં ગયા અને ૨૪ કરોડી ગોડ અંધાર ગયા.

સ—તે વીષે જ્ઞાનમાંથી સાબેતી આપો.

જ—

કલામે પીર.

આશાજી છત્રીશ કરોડી પુરા ધરમી,
શ્રી ઇસલામ શાહાને ભેટ્યાજી;
દસોંદ કારણ જીવ ડોલાવ્યા,
તે ચોવીશ ગયા ગોડ અંધાર—
હરી અનત અનત હરી અનતતે જો.

સામી શાહા અનત તેજો અંત મઉલા જાણુજી.

સ—તેની માયના કરો.

જ—૩૬ કરોડી જીવ એકડા ધર્મ કરતા હતા, પણ તેમાથી ૨૪ કરોડી જીવે દસોંદ (જકાત, ખુમશ) માટે જીવ ડોલાવ્યો તેથી તેઓ ગોર અંધારામાં ગયા.

સ—દસોંદ (જકાત, ખુમસ) ઉપર કોનો હક છે?

જ—હાજર ઇમામનો.

સ—તે વીષે ગ્નાન શરીફમાંથી પાઠ આપો.

જ—

કલામે પીર.

આશાજી નર નકલંકી તખતેજ બેઠા,
તેને દસોંદ આલોજી;
દસોંદ દેવે તે સરગે જાવે,
અવર સરવે થોથાં-હરી૦

સ—તેની માયના કરો.

જ—હે મુનીવરો! દસમો નકલંકી અવતાર મૌલા મુરતજાઅલીની ગાદી ઉપર જે ઇમામ હાજર હોય તે ઈમામને (જકાત, ખુમશ) દસોંદ આપશો તો તમને સ્વર્ગ મળશે.

સ—ચોથા યુગમાં જાપ કોના નામનો છે?

જ—પીર-શાહાનો.

સ—પીર એટલે કોણ?

જ—હ૦ નબી મહમદ મુસ્તફા સ૦ ની ગાદી ઉપર જેની નીમણુંક હાજર ઇમામ તરફથી થઇ હોય તે પીર કહેવાય.

સ—શાહ એટલે કોણ

જ—હ૦ મૌલા મુરતઝાઅલી તે દેશમા નકલંકી અવતારની ગાદી ઉપરે જે ઇમામ વસીલ તરીકે ગાદીએ હાજર ઇમામ હોય તે શાહ કહેવાય.

સ—ચોથા યુગમાં વ્રત શેના છે?

જ—શુક્રવારી બીજ.

સ—તે વીષે જ્ઞાન શરીફમાંથી પાઠ આપો.

જ—

કલામે પીર.

એજી બીજ શુકરવારી સેવીએ
અને નીશ હોવે નરમીજલ મન;
ગુર ગતસું આરાધ કરતાં,
થાઇએ બહુ પાવન.

સ—ચોથા યુગમાં દાન શેનું આપતા હતા?

જ—અજા એટલે બકરીનું દાન.

સ—ચોથા કલયુગમાં ઘટપાટ શેના છે?
જ—માટીના ઘટ અને માટીના પાટ.
સ—ચોથા જુગમાં આદ ગુરૂ કોણ છે?
જ—નબી મહમદ મુસ્તફા રસુલ સલ્લલ્લાહો વસલ્લમ.
સ—કલયુગમાં દાગ શેના છે?
જ—ભુમી દાગ.
સ—એટલે શું?
જ—માણુસ મરી ગયા પછી તેના શરીરને જમીનમાં
 દાટવું તેને ભુમી દાગ કહે છે.
સ—ચોથા કલયુગનું પરમાણુ કહો.
જ—૪,૩૨,૦૦૦ વરસ સુધી કલયુગ રહેશે.
સ—ચોથા કલયુગમાં હાલના ચાલુ વખતને કેવી વેળા
 કહેવામાં આવે છે?
જ—ફડતાળ વેળા.
સ—ફડતાળ વેળાના મુખીનું નામ કહો.
જ—સતગુર પીર હસન કબીરદીન સાહેબ.
સ—તેના પીતાનું નામ કહો.
જ—સતગુર પીર સદરદીન સાહેબ.
સ—ફડતાળ વેળામાં દાન શેના છે?
જ—ખીર, ખાંડ, ગીરથ, અમરત ભોજન જે સતગુર
 મુખે દેશે તે જીવ જન્મો જન્મ પાર ઉતરશે.
સ—ફડતાળ વેળામાં જાપ કોના નામનો જપાય છે?

જ—પીર-શાહનો.

સ—હાલ પીર-શાહની ગાદી ઉપર કોણુ બીરાજે છે?

જ—હુક મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર, અનત કરોડી આધાર, ગતીયું તારણુહાર, હાદીયુલ મહેદી, સાહેબલ અસ્ર, ખુદાવંદ સરકાર, મૌલાના હાજર ઈમામ, અમીરૂલ મોઅમેનીન.

સ—આપણા રુહની મુકતી શી રીતે થાય?

જ—ખુદાવંદ હાજર ઇમામની તાબેદારી કરવાથી. તેઓએ બક્ષેલા શીયા ઇમામી ઇસમાઇલી દીનની પેરવી કરવાથી તથા તેઓના મુબારક ફરમાનો ઉપર ચાલવાથી જરૂર આપણા રુહની મુકતી થશે.



પ્રકરણ બીજું.

હ૦ આદમથી તે હ૦ મહમદ મુસ્તફા સુધી ચાર નબીની હકીકત.

હ૦ આદમ (અ).

સ—હ૦ પંજતન પાક સાહેબના નુરમાંથી શું ઉત્પતી કરવામાં આવી?

જ—ફીરસ્તાઓ પેદા કર્યા.

સ—ગ્નાન શરીફમાંથી તેની સાબેતી આપો.

જ—

કલામે પીર.

તો મુનીવરભાઇ તારે શ્રી વીશ્નુની ઇચ્છાથી
ઉપના,
અને બીજા ફીરસ્તા પાંચ તેણી વાર;
તે તો ફીરસ્તા રાખ્યા પોતાની હજુરમાં,
અને તેની બીજાને નહી સારરે.

સ—તેની સમજણ કરો.

જ—ત્યારે ખુદાવંદતઆલાએ પોતાની ઇચ્છાથી નુરી પંજતનમાંથી પાંચ ફીરસ્તા પેદા કર્યા, અને તેઓને પોતાની હજુરમાં રાખ્યા અને તેઓ શું કામ કરે છે તેના ભેદની કોઇને ખબર નથી.

સ—પાંચ ફીરસ્તાના નામ કહો.

જ—હ૦ જીબરાઇલ, ૨ હ૦ મેકાઇલ, ૩ હ૦ અસરાફીલ, ૪ હ૦ અજરાઇલ, ૫ અજાજીલ.

સ—હરેક ફીરસ્તાઓને કયા કયા કામ ઉપર મુકરર કીધા?

જ—હ૦ જીબરાઇલ (પેગામ લાવનાર-પેગામ્બરો ઉપર વહી લાવનાર,) ૨ મેકાઇલ (દુનીયા ઉપર વરસાદ મોકલનાર,) ૩ અસરાફીલ (પવનને મોકલનાર,) ૪ અજરાઇલ (રૂહ કબજ કરનાર,) ૫ અજાજીલ (શેતાની કામ કરાવનાર.)

સ—લોહ કલમના દરવાજા ઉપર શું લખવામાં આવ્યું હતું?

જ—એ પ્રમાણે લખવામાં આવ્યું હતું કે "પાંચ ફીરસ્તામાંથી એક ફીરસ્તો મારૂં ફરમાન નહીં માનવાથી શેતાન થશે."

સ—તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ— લોહ, કલમ નીત ઉઠ દેખા,
તો એકકું રદજ કીયા;
ફેમે મુકર દાવે પડીયા,
સો લેખા રદજ કીયા. ઇલાહી૦

સ—તેની માયના કરો.

જ—લોહ કલમ રોજ જોતા હતા, પણ તેના ઉપર લખ્યું હતું કે, "એક દીવસ એક ફીરસ્તો રાન્ધો : જશે" એમ જાણવા છતાં તેણે (અજાજીલે) હુજત કરી ને સીજદો કીધો નહીં તેથી તેની કમાઇ રદ ગઇ.

સ—લોહ કલમ પર લખેલી વાત વાંચવાથી ફીરસ્તાઓની શું હાલત થઇ?

જ—સરવે ફીરસ્તાઓ તોબા કરવા લાગ્યા.

સ—સરવે ફીરસ્તામાંથી બંદગી વધારે કોણ કરતું હતું?

જ—અજાજીલ.

સ—તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ—એજી અજાજીલ ફીરસ્તા બુઝરગ કહીએ,
અને બુદ્ધિવંત કહીએ તેશા;

છત્રીશ કરોડ કીતાબ્યા પડીયા,
પણ ભીતર ભેદ ન પાયા—ઇલાહીo

સ—તેની માયના કરો.

જ—અજાજીલ ફીરસ્તો સઉથી મોટો ફીરસ્તો અને બુદ્ધિવાળો હતો. તે ૩૬ કરોડ પુસ્તકો મોઢેથી બોલી જતો હતો છતાં તે મઉલાનો ભેદ સમજી શકયો નહી.

સ—તેની ઉમર કેટલી હતી ?

જ—૧૮ લાખ વરસ.

સ—તે ભેદ શું હતો ? કે જે અજાજીલ સમજી શકયો નહી ?

જ—ખુદાવંદતઆલાએ હo આદમ અલેહીસ્લામના પુતલાને કે જેમાં ખુદાવંદતઆલાએ પોતાનું નુર નાખ્યું હતું તેને સુજદો કરવાને સરવે ફીરસ્તાઓને હુકમ કર્યો પણ અજાજીલ તે ભેદ નહી સમજી શકયો અને ફરમાન ન માન્યું તેથી તે શાન્યો થયો.

સ—હo આદમની ઉત્પતી કેવી રીતે થઇ ?

જ—પંજતન પાકના નુરમાંથી.

સ—તે વીશે ગ્યાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ—તો મુનીવરભાઇ તારે શ્રી વીષ્ણુ તે વર
દાતારજી થયા.
અને મહેસર મુરત સીરજી તેણી વાર;
તેતો માયાના નાભી કમળમાંથી
પેદા કર્યા,
તે તો હજરત આદમનો અવતારરે.

સ—તેની આયના કરો.

જ—ત્યારે ખુદાવંદતઆલાએ ત્રીજી મુરત જે મહાદેવ (શંકર) કહેવાયા તે પેદા કર્યા અને તેનું નામ હ૦ આદમ અલેહીસ્સલામ રાખ્યું.

સ—હ૦ આદમના ડાબા અંગમાંથી કોને પેદા કર્યા ?

જ—બીબી હવાને

સ—તે વિષે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ—તો મુનીવરભાઇ તારે હજરત આદમના
ડાબા અંગ માંહેથી પેદા કર્યા
અને સરજ્યા તે બીબી હવાને સાર;
તેને અરધા અંગની કરી ઠેરાવીયા.
તેનો હજરત આદમ "સફીઅલ્લાહ
કીધો ભરથારરે.

સ—તેની સમજ કરો.

જ—ખુદાવંદતઆલાએ ૯૦ આદમના ડાબા અંગમાંથી બીબી હવાને પેદા કરી અને તેમને ૯૦ આદમની ધરવાળી ઠરાવી અને ૯૦ આદમ સફીઅલ્લાહને તેણીનો ધણી બનાવ્યો.

સ—ખુદાવંદતઆલાએ બહેસ્તમાં દાદા આદમનું પુતળું બનાવવા માટે શું મંગાવ્યું તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ—એજી સરગ ભવનથી માટી મંગાઇ,

ભાઇ મીટડી મંગાઈ,

સાંહિયા છયું કરી ઘાટ ઘડાયા,

જીરે સુખકે મંડળ દાયે દીવડા જગાયા

ભાઇ દીવડા જગાયા,

ઘટ અંદર શબ્દ સુણાયા જીરે—હમ૦

સ—તેની સમજ કરો.

જ—ખુદાવંદતઆલાએ ફીરસ્તાઓને હુકમ કર્યો કે તમે ઉપર જાઓ અને માટી લઈ આવો કારણ કે તે માટીમાંથી દાદા આદમનું પુતળું બનાવવું છે.

સ—પછી શું થયું ?

જ—માટી લેવા માટે જમીન ઉપર હ૦ જીબરાઇલ, હ૦ મેકાઇલ અને હ૦ અસરાફીલ એ ત્રણે ફીરસ્તાઓ ગયા પણ તેઓ માટી લીધા વગર પાછા આવવાથી ખુદાવંદતઆલાએ હ૦ અજરાઇલને મોકલ્યો. હ૦ અજરાઇલની પાસે માટી ઘણી રોવા લાગી, પણ તેની દરકાર કર્યા વગર હ૦ અજરાઇલ માટી લઇ આવ્યો.

સ—માટીએ હ૦ અજરાઇલને શું કહયું ?

જ—માટીએ કહયું કે "મારામાંથી ખુદાવંદતઆલા આદમનું પુતળું બનાવશે અને તેમાંથી મખલુકાત પેદા કરશે અને તેઓ દુનીયા ઉપર ઘણા પાપ કરશે અને તેનો બોજો મારા ઉપર પડશે."

સ—તે માટીનું શું થયું ?

જ—ખુદાવંદતઆલાએ તે માટીમાંથી દાદા આદમનું પુતળું બનાવ્યું અને તેમાં રૂહ ફુકયું ?

સ—પછી શું થયું ?

જ—ખુદાવંદતઆલા તરફથી સરવે ફીરસ્તાઓને ફરમાન થયું કે "દાદા આદમને સુજીદો કરો."

સ—ફીરસ્તાઓએ શું કીધું ?

જ—પાંચ ફીરસ્તાઓમાંથી ચાર ફીરસ્તાઓએ સુજીદો કર્યો પણ અજાજીલે સુજીદો નહી કર્યો અને

કહ્યું કે "તારા શીવાય બીજા કોઇને પણ હું સુજદો કરીશ નહીં."

સ—પછી શું થયું ?

જ—ખુદાવંદતઆલાએ અઝાઝીલને ફરમાવ્યું કે "મારો હુકમ (ફરમાન જે કતું તેને સુજદો નહી કરશે તો તું રાન્દો જઇશ."

સ—પછી અઝાઝીલનું શું થયું?

જ—ખુદાવંદતઆલાનો હુકમ નહી માનવાથી અઝાઝીલ શયતાન થયો.

સ—જેથી અઝાઝીલે શું કર્યું ?

જ—અઝાઝીલે આદમ અને તેની ઓલાદને દરેકને ખુદાઇ કામમાં નાફરમાની કરવા સીખવવાનું કાર્ય કરવાનું માથે લીધું.

સ—પછી શું હકીકત બની?

જ—ખુદાવંદતઆલાએ (આદમ અને હવાના) બંને જોડને બહેસ્તના બાગમાં મુકયા અને તેઓને ફરમાવ્યું કે "તમારે બગીચાનો માલ મેવો ખાવો પણ ગોધમ (ઘઉં) ખાવા નહી અને જો ખાશો તો તમને ઘણો પસ્તાવો થશે."

સ—પછી શું બનાવ બન્યો?

જ—૬૦ બીબી હવાને શેતાન (અઝાઝીલ) તરફથી ઘણી તરેહથી ફરેબ આપવામાં આવ્યો પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહી.

સ—પછી શું થયું?

જ—બીબી હવાને જેમ તેમ કરી આખરે શેતાને લલચાવી ઘઉંનો દાણો ખવરાવ્યો જેથી તેમને કુદરતી હાજત પેદા થઇ.

સ—પછી શું થયું?

જ—જેથી દાદા આદમને આ વાતની ખબર પડી ત્યારે તેઓ ઘણું પસ્તાણા પણ પોતે બીબી હવાથી જુદા રહી નહી શકવાથી પોતે પણ બીબી હવાની માફક ગોધમ ખાધા.

સ—ત્યારે ખુદાવંદતઆલા તરફથી શું ફરમાન થયું?

જ—બીબી હવા તેમજ દાદા આદમને ઘણુજ ગુસ્સાથી ખુદાવંદતઆલાએ બહેસ્તમાંથી હાંકી કાઢી દુનીયા ઉપર ફેંકી દીધા જ્યાં તેઓએ ૬૦૦ વરસ રાત અને દીવસ ગીરીયાઝારીમાં કાઢ્યા અને ઘણી બંદગી કરી ત્યારે તેઓ ઉપર ખુદાવંદતઆલાની મહેરબાની થઈ.

સ—તે વીશે કુરાન શરીફમાંથી પાઠ આપો.

કલામે પીર.

કેતે બરસ જંગલમાંહે ડાલા,
રોવે રગત નેનુથી ચાલા.

સ—તેની માયના કરો.

જ—કેટલાક વરસ સુધી જંગલમાં રહ્યા અને આંખમાંથી પાણીને બદલે લોહીના આંસુઓ ચાલવા લાગ્યા.

સ—ખુદાવંદતઆલાએ પછી શું ઉત્પન્ન કર્યું?

જ—તે બંને જોડામાંથી સૃષ્ટીમાં આદમની જાત પેદા કરવા માંડી અને તેમાં જીવાજોડને માથે ખુદાઈ રસ્તો દેખાડવાને એક રાહબર પેગમ્બરનો દરજ્જો આપી મોકલ્યો અને જેમાં ખાસ નુરી પંજતન (ખુદાવંદતઆલાનું નુર) જલવાગર થતું આવ્યું છે.

સ—ત્યારે વીષ્નુના આઠમા અવતારમાંથી ખુદાઈ નુર ક્યાં જલવાગર થયું ?

જ—૮થી શીશ અલીહીસલામમાં.

સ—આપણી પાક દુઆમાં તે કેટલામાં પાત્ર છે?

જ—૧૦ મા પાત્ર છે.

સ—ત્યારપછી અંશાવતાર કયા કયા પાત્ર થયા?

જ—૫૧–શામ, ૫૨–સલામ, ૫૩–મલકાન, ૫૪–એસ-
લામ, ૫૫–હારૂન.

૧—હ૦ મુસા કલીમુલ્લા.

સ—તેઓના વખતમાં (નગી) પીરનો જોમો કેની
પાસે હતો?

જ—હ૦ મુસા કલીમુલ્લાહ પાસે.

સ—હ૦ મુસાના જન્મ તથા વફાત કહો

જ—ઈ૦ સ૦ પુર્વે ૧૫૭૧ માં જન્મ એટલે આજથી
૩૪૯૪ વરસ ઉપર થયો હતો.

સ—વફાત ક્યારે થઇ?

જ—ઈ૦ સ૦ પુર્વે ૧૪૫૧ માં વફાત એટલે આજથી
૩૩૭૪ વરસ ઉપર થઇ હતી.

સ—એટલે તેઓની કેટલી ઉમર હતી?

જ—૧૨૦ વરસની.

સ—તેઓ ઉપર કઇ કીતાબ નાઝીલ થઇ હતી?

જ—તઉરેત કીતાબ.

સ—તેઓને કઈ કોમ માને છે?

જ—યહુદી કોમ.

સ—તે કોમ કયા મુલકમાં રહી ?

જ—તે કોમ ઘણા મુલકમાં રહી પણ મુખ્ય તુર્કી તથા રશીઆના મુલકમાં

સ—મુસા નબી કેના વંશમાંથી ઉતરી આવ્યા?

જ—યાકુબ પેગમ્બરના ૧૨ છોકરાઓના વંશમાંથી.

સ—એટલે કે કયા છોકરાના વંશમાંથી?

જ—લેવીના છોકરા કહાથ અને તેના ઈમરાન નામે હતા તેના વંશમાથી?

સ—મીસર દેશમાં તે વખતે કયો રાજા રાજ્ય કરતો હતો?

જ—ફીરઉન રાજા.

સ—તે ભગત હતો કે કાફર ?

જ—કાફર હતો કારણ કે તે શેતાની કામ કરતો હતો.

સ—પછી શું થયું ?

જ—ફીરઉનને કોઇએ ભવીષ્ય કહ્યું કે " તારો નાશ ઇસરાઇલનો છોકરો કરશે."

સ—તેથી ફીરઉને શું કર્યું?

જ—જેટલા છોકરા ઇસરાઇલ કોમમાં થતા તે બધાને તે મારી નાખતો.

સ—ત્યારે મુસા નબી કેમ બચી શકયા?

જ—હ૦ મુસા નબીની માતાએ ફીરઉનની બીકથી મુસા નબીને પેટીમાં નાખીને નીલ નદીમાં તે પેટી વહેતી મુકી દીધી.

સ—પછી તે પેટીનું શું થયું?

જ—તે પેટી ફીરઉનની બીબીના જોવામાં આવવાથી તે પેટીને નદીમાંથી મંગાવી લીધી અને તેને ખોલી તો તેમાંથી એક બાળક નીકળ્યું તેને પોતે ઉછેર્યાં.

સ—ફીરઉનની રાણીનું નામ શું?

જ—આસીઆબાનુન.

સ—પછી શું બનાવ થયો?

જ—ત્યાં મુસા નબી મોટા થયા પણ ફીરઉનના માણસોનો જુલમ જોઇને તેઓએ ઘણા જણને મારી નાખ્યા.

શ—પછી શું થયું?

જ—કેટલાકોએ મુસા નબીને કહ્યું કે "હવે તમને ફીરઉન મારી નાખશે."

સ—આથી મુસા નબી ક્યાં ગયા?

જ—તેઓ કોહેતુર પર ગયા.

સ—ત્યાં ખુદા તરફથી શું હુકમ થયો?

જ—ખુદાવંદે ફરમાવ્યું કે "ઓ મુસા હું તને નબુવત બક્ષુ છું, ને ફીરઉનની દરબારમાં જા અને ત્યાં ફીરઉનને સમજાવ કે મારા બંદાઓને દુઃખ આપ નહી."

સ—પછી શું થયું?

જ—મુસા નબીએ અરજ કરી કે "મારૂં કહ્યું તે માનશે નહીં."

સ—ત્યારે ખુદાવંદતઆલાએ શું ફરમાવ્યું?

જ—ખુદાવંદતઆલાએ ફરમાવ્યું કે તને તારા ભાઇ હારૂનને મદદ માટે મોકલું છું અને અસા (લાકડી) માંથી સાપ બનશે તેવો મોઅજીજો બતાવ્યો અને હર હાલમાં મદદ કરવાનું ફરમાન થયું.

સ—પછી શું બન્યું?

જ—મુસા નબી ત્યાંથી મીશર આવ્યા અને હારૂનને લઇ ફીરઉનની દરબારમાં ગયા અને ત્યાં તેને ખુદાનો સંદેશો પહોંચાડયો.

સ—પછી શું થયું?

જ—ફીરઉને ખુદાવંદતઆલાનો હુકમ માન્યો નહી જેથી ઘણી જાતની બલાઓ તેના મુલકની અંદર પેદા થઇ.

સ—ફીરઉનના શું હાલ થયા?

જ—તેણે ઇસરાઇલને મુસા નબી સાથે જવાનો હુકમ કર્યો જેથી મુસા નબી તથા ઇસરાઇલ સુફ (રાતા) સમુદ્ર સુધી આવ્યા પણ પાછળથી દગો

કરીને તેમને પકડવા લશ્કર ગયું પણ દરીયામાં બની ઇસ્રાઇલને માટે ખુદાએ રસ્તો કરી આપ્યો.

સ—ત્યારે ફીરઉને શું કર્યું?

જ—તેણે તેવો સુકો રસ્તો જોઇને તેઓની પછવાડે તે પણ ચાલ્યો, પણ ખુદાની મરજીથી દરીયાના પાણી ચો તરફ ફરી વલ્યા તેમાં ફીરઉન તથ તેનું ગંજાવર લશ્કર ડુબી મરી ગયું.

સ—તે વખતે કેટલા માણસો હતા?

જ—આશરે ઇસરાઇલોનું ૬ લાખ માણુસ હતું.

૨—હ૦ દાઉદ

સ—બીજા કયા નબી ઉપર કીતાબ ઉતરી?

જ—હ૦ દાઉદ અલેહીસ્સલામ ઉપર.

સ—કીતાબનું નામ કહો.

જ—જંબુર કીતાબ.

સ—હ૦ દાઉદનો જન્મ કહો.

જ—ઇ૦ સ૦ પુર્વે ૧૦૫૫ વરસ ઉપર જન્મ થયો હતો.

સ—વફાત કયારે થઇ?

જ—ઇ૦ સ૦ પુર્વે ૧૦૧૪ માં વફાત થઇ હતી.

સ—એટલે તેઓની ઉમર કેટલી થઇ?

જ—૪૧ વરસની.

સ—ઈ૦ સ૦ ઉપરથી કુલ કેટલા વરસ ઉપર દાઉદ નબી થયા?

જ—૨૯૩૭ વરસ ઉપર દાઉદ નબી થયા.

સ—હ૦ દાઉદ કોના ફરજંદ હતા?

જ—તેઓ યશાઇના ફરજંદ થાય.

૩—હ૦ ઇસા રૂહુઅલ્લાહ.

સ—ત્રીજા નબીનું નામ કહો.

જ—હ૦ ઇસા રૂહુઅલ્લાહ.

સ—તેમનો જન્મ કઇ સાલમાં થયો?

જ—ઈ૦ સ૦ પુર્વે ૪ વરસ ઉપર.

સ—વફાત કઈ સાલમાં થઈ?

જ—ઈ૦ સ૦ ૩૩ માં વફાત થઇ.

સ—તેમની ઉમર કેટલા વરસની?

જ—૩૭ વરસની.

સ—તેમના ઉપર કઇ કીતાબ ઉતરી?

જ—ઇન્જીલ કીતાબ.

સ—તેઓ કઇ કોમના નબી છે?

જ—ખ્રીસ્તી કોમના નબી છે.

૪—હ૦ નબી મહમદ મુસ્તફા.

સ—ચોથા નબીનું નામ કહો.

જ—હ૦ નબી મહમદ મુસ્તફા રસુલ સલ્લાહ.

સ—તેઓના પીતાનું નામ કહો.

જ—હ૦ અબદુલ્લા,

સ—અને તેઓના પીતાનું નામ કહો.

જ—હ૦ અબદુલ મુતલબ, તે નબી સાહેબના દાદા થાય.

સ—તેઓ કેટલામાં પાત્ર છે?

જ—૭૬ મા પાત્ર.

સ—તેઓનો જન્મ કઇ સાલમાં થયો?

જ—ઇ૦ સ૦ ૫૭૦ મા

સ—તેઓની માતાજીનું નામ કહો.

જ—હ૦ બીબી અમીના.

સ—દશમા અવતાર મૌલા મુરતજાઅલીના તેઓ શું સગા થાય?

જ—તેઓના દાદા હ૦ અબુલ મુતલબ પણ હ૦ મૌલા મુરતજાઅલીના દાદા થાય.

સ—બીજી શું સગાઇમાં હતા ?

જ—નબી સાહેબની દીકરી હ૦ બીબી ફાતમાના લગ્ન તેઓ સાથે થયા હતા.

સ—નબી સાહેબ આ જમાનામાં શું હોદો ભોગવતા હતા?

જ—તેઓ સતગુર બ્રહ્માજી હતા.

સ—તેઓને કઇ કોમ નબી તરીકે સ્વીકારે છે?

જ—આખી ઇસ્લામ કોમ.

સ—તેઓની સંખ્યા કેટલી છે?

જ—આસરે ૭૬ કરોડ મુસલમાનો.

સ—તેઓ ઉપર કઇ કીતાબ ઉતરી?

જ—કુરઆન કીતાબ.

સ—મુસલમાનોના મોટા ભાગ કેટલા છે?

જ—બે ભાગ.

સ—તેમના નામ આપો.

જ—શીયા અને સુન્ની.

સ—આપણે કયા ભાગના ઇસ્લામી છીએ?

જ—શીયા ભાગના.

સ—તેમાં આપણો કયો ફીરકો છે?

જ—ઇસમાઇલી ફીરકો.

સ—તે નામ કયા ઇમામ ઉપરથી પડયું?

જ—૬૦ ઇસમાઇલ બીન જાફર સાદકથી.

સ—આપણે નબી સાહેબને કેવી રીતે ઓળખીએ છીએ?

જ—તેઓ આપણા પહેલા પીર અને ગુર બ્રહ્માજીના અવતાર છે અને તેઓના તેજ નુરમાંથી પીર સદરદીન ૨૬ મા સતાધારી પીર થયા હતા, નબી

મહમદ મુરતફાનો જોમો એટલે પીરપણાનો ઓધો ધરાવતા હતા.

સ—હાલમાં પીર (નબી) ની ગાદી ઉપર કોણ બીરાજે છે?

જ—હાલના હાજર ઈમામ સર સુલતાન મહમદ શાહા બીરાજે છે.

સ—નબી સાહેબને નબુવત કયારે મળી?

જ—૪૦ વરસની ઉમરે.

સ—ત્યારે હીજરી સન કયો હતો?

જ—હીજરી સન શરૂ થયા પહેલાં ૧૩ વરસ ઉપર ખુદાવંદતઆલાએ તેઓને નબી તરીકે જાહેર કર્યા હતા.

સ—તેઓના વખતમાં શાહી જોમો કોની પાસે હતો?

જ—હ૦ મૌલા મુરતજાઅલી તે આપણાં પહેલા ઈમામ અને ૧૦ મા નકલંકી અવતાર.

સ—તેઓને દીનનો ફેલાવો કરવામાં કોની મદદ હતી?

જ—હ૦ મૌલા મુરતજાઅલીની.

સ—તેઓ વફાત કયારે પામ્યા?

જ—હી૦ સ૦ ૬૩૨ મા.

સ—તેઓની ઉમર કેટલી હતી?

જ—૬૩ વરસની

સ—જન્મ તથા વફાત કયા શહેરમાં થઈ?

જ—મક્કા શહેરમાં.

સ—મક્કા શહેર કયા દેશમાં આવ્યું?

જ—અરબસ્તાનમાં.

સ—હીજરી એટલે શું?

જ—હીજરી એટલે નાસી જવું.

સ—તેઓ શા માટે નાસી ગયા?

જ—કારણ કે દુશ્મન લોકોનું જોર ઘણું હતું.

સ—તેઓ કયાં નાસી ગયા?

જ—તેઓ ત્યાંથી મદીના મુનવ્વરમાં ગયા.

સ—હીજરી સન કયારથી શરૂ થયો?

જ—જયારથી તેઓ મદીના મુનવ્વરમાં ગયા ત્યારથી અને તેજ તારીખથી ઈસ્લામી હીજરી સન ચાલુ થયો છે.

સ—કઈ સાલમાં હ૦ મૌલા મુરતજાઅલીને પોતાના ખલીફ (વસી) નેમ્યા હતા?

જ—હીજરી સન ૧૦ મા વરસમાં મક્કાથી પાછા વળતાં અને મદીને જતાં ગદીરે ખુમના મેદાનમાં ૧,૨૪,૦૦૦ મુસલમાનોમાં તેઓએ મૌલા મુરતજાઅલીને પોતાના ખલીફા (વસી) નેમ્યા હતા.

પ્રકરણ ત્રીજું.

પંજતન પાકનું નુરી તથા સાકાર સ્વરૂપ.

સ—પંજતન પાકનો અરથ કહો.

જ—પંજ-પાંચ, તન-શરીર, પાક-પવીત્ર.

સ—પંજતન પાકના નામ કહો.

જ—૧-હ૦ નબી મહમદ મુસ્તફા, ૨-હ૦ મૌલા મુરતજાઅલી, ૩-હ૦ બીબી ફાતમા ઝોહરા, ૪-હ૦ ઇમામ હસન, ૫-હ૦ ઇમામ હુસેન.

સ—પાંચે તનનું અગાઉ કયું રૂપ હતું તે કહો.

જ—

આપ નીરીંજન ઉપના,
અને આપે ઉપાઇ જાતરે;
આપણા આંહુથી ઉપના,
સો સતગુર સીતારા સાથરે.

સ—તેની માયના કરો.

જ—ખુદાવંદતઆલાએ પોતે સાકાર રૂપ લીધું અને નબી સાહેબ સાથે પંજતનના નુરનો એક સીતારો પેદા કર્યો.

સ—તે સીતારાને કયા નામથી ઓળખતા હતા?

જ—તે સીતારાને "કુતુબ તારો" કરીને કહેતા હતા.

સ—ખુદાવંદતઆલાના નુરમાંથી પંજતન પાકની જાહેરાત થઇ તેના માટે ઇસ્લામી ગ્રંથમાંથી પુરાવો આપો.

જ—ચું કે આં નુરે ખુદા તકસીમ શુદ,
નુરે અવ્વલ અહમદ બા મીમ શુદ.

અર્થ—જ્યારે ખુદાવંદતઆલાના નુરમાંથી પંજતતનનું નુર પેદા થયું ત્યારે પહેલા મીમ સાથે અહમદ પેદા થયા. ખુદાવંદતઆલાનું એક નામ અહદ ને તેમાં વચમાં મીમનો "મ" ઉમેરતા "અહમદ" થાય છે.

ફાતેમા આમદ અઝ આં નુરે અલ્લાહ,
"બઅઝ તુન મીનશા" બર આં બાશદ
ગવાહ.

અર્થ—બીબી ફાતમત ઝોહરા ખુદાવંદતઆલાના નુરમાંથી પેદા થયા તેની સાબેતી એ છે કે

નબી સાહેબ હમેશાં કહેતા હતા કે "ફાતમા
મારા તનનો ટુકડો છે"

આં અફીફા બા અલી તજવીજ યાફત,
હમ ચું મહર વ માહ અજ આં નુર
તાફત.

અર્થ—આ પાક જાત બીબી ફાતમાના લગ્ન હ૦
મૌલા મુરતજાઅલી સાથે થયા, અને તેઓ
માંથી સુરજ અને ચંદ્ર માફક નુર ચમકયું.

સમઆહાએ નુર, આં હર દુ કીસમ,
મબ્બર વ શબ્બીર યક નુર દુ નામ.

અર્થ—આ નુરની રોશની બે બુઝરગ સાહેબો
હતા. તે રોશની હજરત ઇમામ હસન અને
હજરત ઇમામ હુશેન બન્ને સાહેબોના નામ
જુદા હતા પણ તેઓ એકજ હતા.

હર યકી નુરે નબી નુરે ખુદા,
મજ્જ અઝ દરીઆ કુજા બાશદ જુદા.

અર્થ—પંજતનમાંથી દરેક તનની ઉત્પતી થઇ અસલ
રસુલ અને ખુદાવંદતઆલાના નુરમાંથી

થયેલી છે. દરીયાના મોજા અસલ દરીયાથી
જુદા કેમ કહેવાય?
(નુર નામે રસુલ મકબુલ.)
મતલબ કે પંજતન પાક ખરેખર ખુદાવંદ-
તઆલાનું સ્વરૂપ છે.

સ—કુતુબ તારાનું વર્ણન આપણા કયા શાસ્ત્રમાં છે?
જ—સતવેણી નામે ગ્રંથમાં.
સ—તેમાંથી તે વીશે પાઠ બોલો.

કલામે શરીફ.

જ— આપો આપ સીરજણહારા,
પાંચે તન શાહકા સણગારા;
સીતેર સહસ્ત્ર બરસ જો હોઇ,
ઉપસે સીતારા અગોચર સોઇ.

સ—તેની માયના કરો.
જ—ખુદાવંદતઆલાએ પોતાનું નુર પાંચે તન (પંજ-
તન) માં ઝહુર કર્યું અને તે કુતુબ તારો ૭૦
હજાર વરસ પ્રકાશ આપતો અને ૭૦ હજાર વરસ
આથમી જતો તેના પહેલાં તે નુરે પંજતન વહદહુ
લા શરીક હતું.

સ—કુતુબ તારાના નુર વીશે કોણ જાણ્યું હતું?
જ—હ૦ જીબરાઇલ ફીરસ્તા.

સ—તેનો વીગતવાર અહેવાલ કહો.

જ—એક વખત હ૦ જીબરાઇલ વહી લઇને નબી સાહેબ પાસે આવ્યા, તે વખતે હ૦ બીબી ફાતમાએ તેમને જોઇને "આવો ચાચાજી" કહીને માન આપ્યું. હ૦ જીબરાઇલે તેનું કારણ પુછતાં બીબી ફાતમાએ જવાબ આપ્યો કે, "એના કારણ વીશે મારા પીતાજીને અરજ કરો" આથી જીબરાઇલ નબી સાહેબ પાસે આવ્યા અને કારણ જણાવવા અરજ કરી.

સ—નબી સાહેબે પુછ્યું કે "તમો જ્યારે પેદા થયા ત્યારે શું જોયું હતું?

જ—તે વખતે એક કુતુબ તારો મૌજુદ હતો.

સ—તમારી ઉમર કેટલી થઇ હશે?

જ—કુતુબ તારો ૭૦ હજાર વર્ષે ઉગતો તથા તેટલીજ મુદતે આથમતો તેને ૭૦ હજાર વખત ઉગતો અને આથમતો મેં જોયો છે.

સ—તે વીષે મુસલમાની ગ્રંથોમાંથી સાબેતી આપો.

જ—કુતુબકી તરફ સીતારા જો થા,
ખુદાકે હુકમસે નીકલતા વો થા;
ગુજરતે જબ સાલ સીત્તેર હજાર,
વોહ આતા થા હો કર તુલુઅ એક બાર;

ગુરૂબ હોકે જબ સાલ સીતેર હજાર,
જો હોતે તો આતા વહી રબ શુમાર.
યકીન ઉસ સીતારેકો દેખા હું મેંઇ,
યું સીતેર હજાર ઇસ વજહ ઉસુકે તહીં.
કરૂં ઉમર મેરીકા કબ લગ બયાન,
કહા મુબતશર સબ તુમ્હે હુવે અયાન.

(નુર નામે રસુલ મકબુલ.)

સ—ત્યારપછી શું હકીકત કહેવામાં આવી ?

જ—નબી સાહેબે, જબરાઇલને સમજાવ્યું જે "તમારા જોવામાં કુતુબ તારો શરૂઆતમાં હતો તે અમો પંજતનનું નુર હતું અને એ નુરની પેદાશ પછી તમારી ઉત્પતી થઇ છે તેથી બીબી ફાતમાએ તમોને ચાચાજી કહયા તે બરાબર છે."

સ—નબી સાહેબે તે પછી શું ફરમાવ્યું ?

જ—નબી સાહેબે ફરમાવ્યું કે "ઓ જીબરાઇલ, તે વખતના કુતુબ તારાનું વર્ણન આપો."

કહે જીબરાઇલ સુણો રસુલે ખુદા,
અવલ ઉસકે શીર પર એક તાજ થા;
યે કાનુમે દો દુર અજબ બેબહા,
ઉસકે ગલેમેંભી એક હાર થા.

સ—તેની આપના કરો.

જ—જીબરાઇલ કહે છે કે "હે રસુલે ખુદા, પહેલું તો તેના માથા ઉપર એક તાજ હતો અને તેના બે કાનમાં બે મોતી હતા. આ તેજનું વર્ણન થઇ શકતું નથી વળી તેના ગળામાં એક હાર પણ હતો.

ત્યારે નબી સાહેબે ફરમાવ્યું કે "હાલમાં તે કુતુબ તારાનું શારીરીક સ્વરૂપ હું તમને દેખાડું છું. એમ કહી તરત હ૦ મૌલા મુરતજાઅલીને બોલાવી પોતાની પછવાડે ઉભા રાખ્યા અને બીબી ફાતમાને ખોળામાં બેસાડી નુરાની સ્વરૂપ દેખાડયું અને ફરમાવ્યું કે:—

અવલ મુજ શરપે તાજ થા સો અલી,
પે કાનુમેં દો ફરજંદ બેશક હુસન, હુસેન,
મેરે ગલેમેં હાર થા સો નુરે અયન ફાતમા.

અર્થ—મારા માથા ઉપર જે તાજ જોવામાં આવ્યો તે હ૦ મૌલા મુરતજાઅલી પોતે હતા અને જે મોતી જોયું તે મારા હ૦ હસન તથા હુસેન હતા અને હારના જેવો આકાર તે મારા તનનો ટુકડો હ૦ બીબી ફાતમા પોતે હતા.

જેમ આપણા જ્ઞાન શાસ્ત્રમાં ફરમાવ્યું છે કે:—

કુલામે પીર.

તો મુનીવરભાઇ આપણા માથા મુબારકના
નબી મહમદ મુસ્તફા કર્યા,
અને મૌલા અલી પોતે અલી અવતાર;
આ સીના મુબારકની હજરત બીબી ફાતમા,
નુર ચશમ બે હ૦ ઇમામ હસન, હ૦
ઇમામ હુસેન દીલઠારરે.

સ—તેની ભાવના કરો.

જ—હે મુનીવરો, ખુદાવંદતઆલાએ પોતાના માથા મુબારકમાંથી નબી મહમદ બનાવ્યા અને પોતે ખુદા મૌલા અલી રુપે જાહેર થયા અને પોતાના સીના (છાતી, અંતઃકરણ) માંથી બીબી ફાતમત ઝહેરા થયા અને હ૦ ઇમામ હસન અને હ૦ ઇમામ હુસેન દીલને ઠંડક આપનારા પેદા કર્યા.

સ—તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કુલામે પીર.

જ— આગે નીરીંજન લીયા અવતારા,
આદ અલી સો તન સારા;

આદ જાત અને આદ ભાત,
ઇસ માંહે ન મીલતી દુજી જાત;
જાત ભાત ન બુઝે કોઇ,
એ તન પાંચે એક તન હોઇ;
પાંચે તનકા એહિ નેડા,
જો કોઇ હોવે ઊનુકે કેડા.

સ—બીજો પુરાવો પંજતન પાકનો આપો.

કલામે શાએર.

જ—ગર પંજતનકો સમજો નુર બીલકુલ હયે,
ફીર ઉસી રાસ્તે ખતમ ઊનુપે કુલ હયે.
સુરે યાસીન ભી ખતમ હુઆ જાનીપે,
હુવા કુતુબ સીતારા જીનીકા પેશાનીપે.

સ—તે વીશે બીજી સાબેતી આપો.

કલામે શાએર.

જ— ▪ યદ્કુચકા મકાન બના હયે,
બજાર બના હયે હકકાની;
નુર નબીકા હુઆ જો રોશન,
કુતુબ તારેમેં નીશાની.

સ—તે વીશે ગ્યાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ— પંજતન પરવરે ભેજ્યા,
રાહા બતાવણ કાજ;
જીન કીને મુખ ફીરાયા,
સો રહ્યા શફાયત બાજ.

* * * *

જાકું દરશાન હીત હુયે,
વાંકુ દરશાન ઉત;
જેણુ ઇયાં ન દેખ્યા સતસું,
વોહ કયા પાવેંગા ઉત.

પ્રકરણ ચોથું.

ઈસ્માઈલી ઈમામો.

સ—ઈસમાઈલી ઈમામો કેટલા થયા છે?

જ—૪૮ ઈમામો.

સ—તેમના રહેઠાણ પ્રમાણે કેટલા વીભાગ પાડી શકાય?

જ—૬ વીભાગ.

વીભાગ ૧ લો.

સ—૧ લો વીભાગ કયો?

જ—મકકા મદીનામાં રહેનારા ઈમામો.

સ—મકકા મદીનામાં કેટલા ઈમામો રહ્યા હતા?

જ—હ૦ મૌલા મુરતજાઅલીથી હ૦ ઈમામ જાફર સાદક સુધી ૫ ઈમામો.

સ—પહેલા ઈમામનું નામ શું?

જ—નકલંકી અવતાર હ૦ મૌલા મુરતજાઅલી.

સ—તેઓ સાહેબની જન્મ તારીખ, વફાત તથા ઉમર કહો.

જ—જન્મ ઈ૦સ૦ ૫૯૭ માં, વફાત ઈ૦ સ૦ ૬૬૦ માં એટલે ઉમર વરસ ૬૩.

સ—દશમા નકલંકી અવતારે કોને ઘરે જન્મ લીધો તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

જ— તે મુરતજાઅલી અવતર્યા,
અબુ તાલેબને ઘેર અવતાર;
તે બઈતુલ્લા માંહે પેદા થયા,
તે શહેર મક્કા મીંજાર-
ચેતો રખીસરો ગુર કહે સાચા સતગુરજીએ
એમ કહ્યા.

સ—તેની માયના કરો.

જ—નકલંકી અવતાર મૌલા મુરતજાલીએ અબુ તાલેબને ઘેર અવતાર લીધો અને તેઓ કાબા શરીફમાં જન્મ પામ્યા હતા. બીબી જુલેખાં ઉર્ફે ફાતમા બીનતે અસદ તેમની માતાજી થાય,

સ—અલી અલ્લાહ છે તે વીશે જ્ઞાન શરીફમાંથી સાબેતી આપો.

જ—એજી અલી તે સહી અલ્લાહ કહીએ,
તેમાં ઓછા નહીં લગાર;
અમે એને માનીયા સીદકસું,
એનું નામ છે જલ્લશાનહુ આકાર–ચેતો૦

સ—તેની ભાવના કરો.

જ—હ૦ મૌલા મુરતઝાઅલી તે પોતેજ ખુદાઇ અવતાર છે, અમે તેને સચ્ચાઈથી માનેલ છે, માટે રૂખીસરો તમે પણ બરાબર યકીનથી માનજો એવું સતગુરજી જ્ઞાનમાં ફરમાવે છે.

સ—બીજા ઇમામનું નામ કહો.

જ—હઝ મૌલાના હ૦ ઇમામ હુસેન સાહેબ.

સ—તેઓની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીજરી સન ૪૦ થી હીજરી સન ૬૧ એટલે ઇ૦ સ૦ ૬૬૦ થી ઇ૦ સ૦ ૬૮૦ સુધી ૨૦ વરસ.

સ—તેઓ સાહેબે ઇમામત વીશે હ૦ ઇમામ જઇનુલ આબદીનને શું ફરમાવ્યું હતું?

જ—હ૦ ઇમામ જઇનુલ આબદીને જ્યારે કરબલાના મેદાનમાં લડાઇ કરવાની માંગણી કરી. ત્યારે તેઓ સાહેબે ફરમાવ્યું કે "તારાથી મારી નસલ રોજે કીયામત સુધી ચાલુ રહેવાની છે, માટે તું લડાઈ કરીશ નહિં"

સ—પછી શું બન્યું?

જ—હ૦ ઇમામ હુસેને ઇમામતનું નુર હ૦ ઇમામ જયનુલ આબદીનને બક્ષી પોતે હી૦ સ૦ ૬૧ ની સાલમાં કરબલાના મેદાનમાં મહોરમની ૧૦ મી તારીખે સહીદ થયા.

સ—ત્રીજા ઇમામનું નામ કહો.

જ—હઝ મૌલાના શાહ જઇનુલ આબદીન.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીજરી સન ૬૧ થી હી૦ સન ૯૪ એટલે ઇ૦ સ૦ ૬૮૦ થી ઇ૦ સ૦ ૭૧૩ સુધી ૩૩ વરસ.

સ—ચોથા ઇમામનું નામ કહો,

જ—હઝ મૌલાના શાહ મહમદ બાકર.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો,

જ—હી૦ સ૦ ૯૪ થી હી૦ સ૦ ૧૧૪ એટલે ઇ૦ સ૦ ૭૧૩ થી ૭૩૨ સુધી ૨૦ વરસ.

સ—પાંચમાં ઇમામનું નામ કહો.

જ—હઝ મૌલાના શાહ જાફર સાદક.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૧૪ થી ૧૪૮ એટલે ઇ૦ સ૦ ૭૩૨ થી ૭૬૫ સુધી ૩૪ વરસ.

વીભાગ ૨ જો.

સ—તેઓએ ઇમામત કોને આપી હતી?

જ—હક મૌલાના શાહ ઇસમાઇલને.

સ—તેઓએ જાહેરમાં કેવી રીતે ફરમાન કર્યું હતું ?

જ—તેઓએ ફરમાવ્યું કે "મારી બાદ ઇમામતનું નુર હું શાહ ઇસમાઇલને આપું છું."

સ—શાહ ઇસમાઇલ વીશે શું બનાવ બન્યો ?

જ—મૌલાના શાહ જાફર સાદકની બીજી ધરવાળીનો છોકરો મુસા કાઝમ કરીને હતો. તે વખતે તેનું જોર બહુજ હોવાથી શાહ ઇસમાઇલને પરદેશમાં જઇ રહેવું પડયું.

સ—તેઓ ક્યાં રહેવા ગયા ?

જ—તુરકસ્તાનમાં શામ પરગણે સલમીઆ ગામમાં તેઓ રહેવા ગયા હતા.

સ—રહેઠાણ પ્રમાણે ઇમામોનો બીજો વીભાગ કહો.

જ—તુરકસ્તાનમાં રહેનારા ઇમામો

સ—તુરકસ્તાનના મુલકમાં કેટલા ઇમામો રહ્યા હતા ?

જ—શાહ ઇસમાઇલથીશાહ રઝીઅબ્દલાહ સુધી પાંચ ઇમામો.

સ—શાહ ઇસમાઇલ તુરકસ્તાનમાં રહેવા ગયા ત્યાં તેઓ શું કરતા હતા ?

જ—શાહ ઇસમાઇલ તુરકસ્તાનમાં રહીને અનેક મોજીજા દેખાડી લોકોને ઇસ્માઇલી દીનમાં દાખલ કરતા હતા તે વખતના બગદાદના ખલીફા મનસુરે આ બાબત વીશે મદીનામાં કાગળ લખ્યા હતા આ સરવે બીનાનુ "મલનુલ નહર" નામે અરબી કીતાબમાં વીગતવાર વર્ણન કરેલ છે.

સ—શાહ ઇસમાઇલની કારકીરદીના વરસ કહો.

જ—હીં૦ સ૦ ૧૪૮ થી ૧૫૮ એટલે ઇ૦ સ૦ ૭૬૫ થી ૭૭૫ સુધી ૧૦ વરસ.

સ—સાતમા ઇમામનુ' નામ કહો.

જ—હક મઉલાના શાહ મહમદ બિન ઇસમાઇલ

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહે.

જ—હીં૦ સ૦ ૧૫૮ થી ૧૯૭ એટલે ઇ૦ સ૦ ૭૭૫ થી ૮૧૩ સુધી ૩૯ વરસ.

સ—આઠમા ઇમામનુ' નામ કહો,

જ—હક મઉલાના શાહ વફી અહમદ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીં૦ સ૦ ૧૯૭ થી ૨૧૨ એટલે ઇ૦ સ૦ ૮૧૩ થી ૮૨૮ સુધી ૧૫ વરસ.

સ—નવમાં ઇમામનુ' નામ કહો.

જ—હક મઉલાના શાહ તકી મહમદ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.
જ—હી૦ સ૦ ૨૧૨ થી ૨૨૫ એટલે ઇ૦ સ૦ ૮૨૮ થી ૮૪૦ સુધી ૧૩ વરસ.
સ—દશમા ઇમામનું નામ કહો
જ—હક મઉલાના શાહ રઝી અબ્દલ્લાહ.
સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.
જ—હી૦ સ૦ ૨૨૫ થી ૨૬૨ એટલે ઇ૦ સ૦ ૮૪૦ થી ૮૭૬ સુધી ૩૭ વરસ.

વીભાગ ૩ જો.

સ—રહેઠાણ પ્રમાણે ઇમામોનો ત્રીજો વીભાગ કહો ?
જ—મીસર દેશમાં રાજ્ય કરનારા "ફાતમાઇત ખલીફા"
સ—"ફાતમાઇત ખલીફ" ઇમામો કેટલા છે ?
જ—હક મઉલાના શાહ મહેદી મહમદથી હક મઉલાના શાહ નીઝાર સુધી નવ ઇમામો.
સ—અગીયારમાં ઇમામનું નામ કહો.
જ—હક મઉલાના શાહ મેહેદી મહમદ.
સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.
જ—હી૦ સ૦ ૨૬૨ થી ૩૨૨ એટલે ઇ૦ સ૦ ૮૭૬ થી ૯૩૪ સુધી ૬૦ વરસ.

પ્ર—"ફાતમાહત ખલીફાત"ની જાહેરાત વીશે નબી સાહેબની હદીસ બોલો

જ—સલાસા મીંઆ સનતીન મીન બઅદી, તતલેઉસ શમ્સો, મીન મગરબેહા.

સ—તેની માયના કરો.

જ—નબી સાહેબે ફરમાવ્યું કે "મારી બાદ ત્રણસો વરસ પછી સુર્ય પશ્ચીમ દીશામાં ઉગશે."

સ—તે સુર્ય કોણ?

જ—તે સુર્ય આપણા અગીયારમાં ઇમામ અને પહેલા વહેલા ફાતમાહત ખલીફા હક મઉલાના શાહ મહેદી મહમદ, તેઓએ મીશર દેશમાં પોતાનું રાજ્ય સ્થાપી ઇમામત જાહેર કરી.

સ—બારમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ કાયમ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૩૨૨ થી ૩૩૪ એટલે ઇ૦ સ૦ ૯૩૪ થી ૯૪૫ સુધી ૧૨ વરસ.

સ—તેરમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ મનસુર

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૩૩૪ થી ૩૪૧ એટલે ઇ૦ સ૦ ૯૪૫ થી ૯૫૨ સુધી ૭ વરસ.

સ—ચઉદમાં ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ મોએજ

સ—તેઓએ કઇ સાલમાં આવી મીસર દેશ જીતી લીધો?

જ—ઇ૦ સ૦ ૯૭૦ સાલમાં

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૩૪૧ થી ૩૬૫ એટલે ઇ૦ સ૦ ૯૫૨ થી ૯૭૫ સુધી ૨૪ વરસ.

સ—પંદરમાં ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ અજીજ

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૩૬૫ થી ૩૮૬ એટલે ઇ૦ સ૦ ૯૭૫ થી ૯૯૬ સુધી ૨૧ વરસ

સ—સોલમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ હાકમ અબુ અલી.

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૩૮૬ થી ૪૧૧ એટલે ઇ૦ સ૦ ૯૯૬ થી ૧૦૨૦ સુધી ૨૫ વરસ

સ—સતરમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ જાહેરઅલી

સ—તેમની કારકીરદીના વરસ કહો

જ—હી૦ સ૦ ૪૧૧ થી ૪૨૭ એટલે ઇ૦ સ૦ ૧૦૨૦ થી ૧૦૩૫ સુધી ૧૬ વરસ.

સ—અઢારમા ઇમામનું નામ કહો.

જ—હઝ મૌલાના શાહ મુસ્તનસીરબીલ્લાહ.

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૪૨૭ થી ૪૮૭ એટલે ઇ૦ સ૦ ૧૦૩૫ થી ૧૦૯૪ સુધી ૬૦ વરસ.

સ—મૌલાના શાહ મુસ્તનસીરબીલ્લાહએ ઇમામત કોને આપી હતી?

જ—પોતાના ફરજંદ શાહ નીઝારને ઇમામત આપી હતી.

સ—પછી શું બન્યું?

જ—તેઓના બીજા ફરજંદ મુસતેઅલીનો પક્ષ તે વખતે બહુ જોરાવર હતો, અને બે લાખ ફોજ અને તેનો સરદાર મુસતેઅલીના પક્ષમાં થઈ જવાથી તેણે ઇમામ શાહ નીઝારને કેદમાં નખાવી શહીદ કરાવ્યા.

સ—ઇમામ શાહ નીઝારની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૪૮૭ થી ૪૯૦ એટલે ઇ૦ સ૦ ૧૦૯૪ થી ૧૦૯૭ સુધી ૩ વરસ.

વીભાગ ૪ થો.

સ—રહેઠાણુ પ્રમાણે ઇમામોનો ચોથો વીભાગ કહો.
જ—ગઢ આલમોતમાં રહેનારા ઇમામો.
સ—ગઢ આલમોતમા કેટલા ઈમામોએ રાજ્ય કર્યું હતું ?
જ—હક મૌલાના શાહ હાદીથી હક મૌલાના શાહ રૂકેનુદીન ખુરશાહ સુધી આઠ ઇમામો.
સ—ફાતમાઇત ખલીફાતના ઇમામો પછી શું બનાવ બન્યો?
જ—હસન બીન સબ્બાહ નામના એક મુરીદે ઇરાનમાં આલમોતનો ગઢ બાંધ્યો. અને હક મૌલાના શાહ હાદીને મીસરમાથી ગઢ આલમોતમાં ઘણા માન સહીત તેડી લાવ્યો.
સ—હક મૌલાના શાહ હાદી કેટલામાં ઇમામ થયા ?
જ—વીસમા ઇમામ.
સ—તેમની કારકીરદીના વરસ કહો.
જ—હી૦ સ૦ ૪૯૦ થી ૫૩૦ એટલે ઈ૦ સ૦ ૧૦૯૭ થી ૧૧૩૫ સુધી ૪૦ વરસ.
સ—એકવીસમાં ઇમામનું નામ કહો.
જ—હક મૌલાના શાહ મોહતદી
સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૫૩૦ થી ૫૫૨ એટલે ઇ૦ સ૦ ૧૧૩૫ થી ૧૧૫૭ સુધી ૨૨ વરસ.

સ—બાવીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ કાહેર.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૫૫૨ થી ૫૫૭ એટલે ઇ૦ સ૦ ૧૧૫૭ થી ૧૧૬૨ સુધી ૫ વરસ.

સ—ત્રેવીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ અલા જકરીયા સલામ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૫૫૭ થી ૫૬૧ એટલે ઇ૦ સ૦ ૧૧૬૨ થી ૧૧૬૬ સુધી ૪ વરસ.

સ—ચોવીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ અલા મહમદ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૫૬૧ થી ૬૦૭ એટલે ઇ૦ સ૦ ૧૧૬૬ થી ૧૨૧૦ સુધી ૪૬ વરસ.

સ—પચીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ જલાલુદીન હસન.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૬૦૭ થી ૬૧૮ એટલે ઇ૦ સ૦ ૧૨૧૦ થી ૧૨૨૧ સુધી ૧૧ વરસ.

સ—છવીસમાં ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ અલાઉદ્દીન મહમદ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૬૧૮ થી ૬૫૩ એટલે ઈ૦ સ૦ ૧૨૨૧ થી ૧૨૫૫ સુધી ૩૫ વરસ.

સ—સતાવીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ રૂકનુદીન ખુરશાહ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૬૫૩ થી ૬૫૪ એટલે ઈ૦ સ૦ ૧૨૫૫ થી ૧૨૫૬ સુધી ૧ વરસ.

સ—તે વખતે શું બનાવ બન્યો?

જ—તે વખતે દુશ્મનોનું જોર ઘણું હોવાથી ઇમામોને આલમોત ગઢ છોડીને ઇરાન દેશમાં દેહેલમમાં આવીને રહેવું પડયું.

વીભાગ ૫ મો.

સ—રહેઠાણ પ્રમાણે ઇમામોનો પાંચમો વીભાગ કહો.

જ—ઇરાનમાં એરાક ખંડ નામે ભાગમાં દેહેલમ, કેક, બાબક, મહેલાત વીગેરેમાં રહેનારા ઈમામો.

સ—એરાક ખંડમાં કેટલા ઇમામો થયા?

જ—હક મૌલાના શાહ શમશદીન મહમદથી હક મૌલાના

શાહ હસનઅલી સુધી ઓગણીસ ઇમામો.

સ—અઠાવીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ શમશદીન મહમદ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૬૫૪ થી ૭૧૦ એટલે ઈ૦ સ૦ ૧૨૫૬ થી ૧૩૧૦ સુધી ૫૬ વરસ.

સ—ઓગણત્રીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ કાસમશાહ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૭૧૦ થી ૭૭૧ એટલે ઈ૦ સ૦ ૧૩૧૦ થી ૧૩૭૦ સુધી ૬૧ વરસ.

સ—આ સતપંથ ઇસ્માઇલી દીન આપણને કોણે બતાવ્યો?

જ—સતગુર પીર સદરદીન સાહેબે.

સ—તેઓ કેટલામાં પીર હતા?

જ—૨૬ માં પીર.

સ—તે વખતે આપણા બાપદાદા કેવા હતા અને કયો ધરમ પાળતા હતા?

જ—તેઓ હીંદુ હતા અને હીંદુ ધરમ પાળતા હતા.

સ—પીર સદરદીન સાહેબ કયા મુલકમાંથી આવ્યા હતા?

જ—ઇરાન દેશમાં દેહલમથી.

સ—કોના હુકમથી?

જ—ઈસમાઇલી ત્રીસમા ઇમામ હક મૌલાના શાહ ઇસલામ શાહના હુકમથી.

સ—શાહ ઇસલામ શાહની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૭૭૧ થી ૮૨૭ એટલે ઇ૦ સ૦ ૧૩૭૦ થી ૧૪૨૪ સુધી ૫૬ વરસ.

સ—આપણા પીરોએ આપણને કોની શેવા કરવા ફરમાવ્યું છે?

જ—હજરત મૌલા મુરતજાઅલીના ગાદી વારસની.

સ—તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ—આશાજી આલ અલી પેગમ્બર ચાલી આવ્યા,
આવ્યા તે નબીની જોડજી;
નબી થકી સરવે આલજ ચાલ્યા,
રહેમ રાએ સુલતાન-હરી અનત૦

સ—તેની માયના કરો.

જ—અલી તથા નબીથી જે આલ દુનીયામાં જાહેર ચાલી આવી છે તે આલને તમે સરેવો અને તેની બંદગી કરો.

સ—આલ વીશે બીજો ગ્નાનનો પાઠ આપો.

કલામે પીર.

જ—એજી એ રે આલથી આલ ચાલીયા,
તે તો આવીયા કેહેક નગરી માંહે;
વરંથવા અંગવા થાનક કહીએ,
શ્રી ઇસલામ શાહા બેઠા છે ત્યાંહે-
ચેતો રંખીસરો ગુર કહે સાચા સતગુરજીએ
એમ કહ્યા.

સ—તેની માયના કરો.

જ—હ૦ અલીથી જે આલ જાહેર ચાલી આવેલી છે. તે હાજર ઇમામ કેહેક નગરીમાં શ્રી ઇસલામ શાહ રૂપે બીરાજે છે.

સ—શ્રી ઇસલામ શાહ કોની ગાદી ઉપર હતા?

જ—દસમા નકલંકી અવતાર મૌલા મુરતજાઅલીની ગાદી ઉપર.

સ—શ્રી ઇસલામ શાહના વડવાઓના નામ આવે એવો ગ્નાનનો પાઠ આપો.

કલામે પીર.

જ—આવો મારા મુનીવર ભાઇડા હોજી,
તેની જાત ઇસ્માઇલીને ગોત્ર નકલંકી;
એ છે વીશનું શાહા નીઝારીયાં.

સ—તેની માયના કરો.

જ—ઓ મારા મુનીવરો, જે ધણીની સેવા હું તમોને દેખાડું છું તે નર નકલંકી મૌલા મુરતજાઅલીથી ઉતરી આવેલ છે અને ઇમામ શાહ ઇસ્માઇલથી વંશપરંપરા શ્રી ઇસ્લામ શાહ સુધી ઉતરી આવેલ છે.

સ—આપણા ઇમામ એરાક ખંડમાં હતા તે વીશે ગ્નાનનો પાઠ આપો.

કલામે પીર.

જ—એજી આદ નીરીંજન અવતર્યા,
તેનું થાનક છે એરાક ખંડમાંહે;
સતગુરે સોહી દેખાડીયા,
તે છે વ્યાપક નવ ખંડમાંહે—ચેતો૦

સ—હાજર ઇમામની સનાખત વીશે નબી સાહેબની હદીસ બોલો.

હદીસ શરીફ

જ—

મન માતા વ લમ યઅરફૂ ઇમામઝ ઝમા-
નેહી, ફ માતા મઈયતન જાહેલીયતન,
વલ જાહેલો ફીન નાર.

સ—તેની માયના કરો.

જ—જે મરતા સુધી પોતાના જમાનાના ઇમામને ઓળખતો નથી. તે જાહેલપણામાં મરી જાય છે અને તે જાહેલ દોજકમાં જાય છે.

સ—આવી મતલબનો પાઠ જ્ઞાનમાંથી આપો.

કલામે પીર

જ—આલ અલીની તે કહીએ,
નબી મહમદ પીર મુસલે છે ત્યાંહે;
એ રે આલથી જે ભુલશે,
તે જાશે દોજક માંહે-ચેતો૦

સ—તેની માયના કરો.

જ—જે આલ અલી તથા નબીની જાહેર દુનીયામાં ચાલી આવી છે, અને મઉલા અલીની ગાદી ઉપર કાયમ તથા હયાત તરીકે બેઠેલા હોય તેના ફરમાનને નહી માને તે નકી દોજકમાં જશે.

સ—એકત્રીસમાં ઇમામનું નામ કહો.
જ—હક મૌલાના શાહ મહમદ બીન ઇસલામ શાહ.
સ—તેમની ઈમામતની કારકીરદીના વરસ કહો.
જ—હી૦ સ૦ ૮૨૭ થી ૮૬૮ એટલે ઇ૦ સ૦ ૧૪૨૪ થી ૧૪૬૪ સુધી ૪૧ વરસ.
સ—બત્રીસમા ઈમામનું નામ કહો.
જ—હક મૌલાના શાહ મુસ્તનસીરબીલ્લાહ (બીજા)
સ—તેમની ઈમામતની કારકીરદીના વરસ કહો.
જ—હી૦ સ૦ ૮૬૮ થી ૮૮૦ એટલે ઇ૦ સ૦ ૧૪૬૪ થી ૧૪૭૬ સુધી ૧૨ વરસ.
સ—તેઓએ કઇ કીતાબ આપણને પીર તરીકે આપી હતી ?
જ—પંદીઆદ જવાંમરદી.
સ—તેત્રીસમા ઇમામનું નામ કહો.
જ—હક મૌલાના શાહ અબ્દ સલામ.
સ—તેમના ઇમામતની કારકીરદીના વરસ કહો.
જ—હી૦ સ૦ ૮૮૦ થી ૮૯૯ એટલે ઇ૦ સ૦ ૧૪૭૬ થી ૧૪૯૪ સુધી ૧૯ વરસ.
સ—ચોત્રીસમાં ઇમામનું નામ કહો.
જ—હક મૌલાના શાહ ગરીબ મીરઝા.
સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીઝ સ૦ ૮૯૯ થી ૯૦૨ એટલે ઈ૦ સ૦ ૧૪૯૪ થી ૧૪૯૭ સુધી ૩ વરસ.

સ—પાત્રીસમાં ઈમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ ગુહર અલી.

સ—તેમની ઈમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીઝ સ૦ ૯૦૨ થી ૯૧૫ એટલે ઈ૦ સ૦ ૧૪૯૭ થી ૧૫૦૯ સુધી ૧૩ વરસ.

સ—છત્રીસમાં ઈમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ મુરાદ મીરઝા.

સ—તેમની ઈમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીઝ સ૦ ૯૧૫ થી ૯૨૦ એટલે ઈ૦ સ૦ ૧૫૦૯ થી ૧૫૧૪ સુધી ૫ સરસ.

સ—સાડત્રીસમા ઈમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ ઝુલફીકારઅલી.

સ—તેમની ઈમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીઝ સ૦ ૯૨૦ થી ૯૨૨ એટલે ઈ૦ સ૦ ૧૫૧૪ થી ૧૫૧૬ સુધી ૨ વરસ.

સ—આડત્રીસમા ઈમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ નુરદીનઅલી.

સ—તેમની ઈમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૯૨૨ થી ૯૫૭ એટલે ઇ૦ સ૦ ૧૫૧૬ થી ૧૫૫૦ સુધી ૩૫ વરસ.

સ—ઓગણચાલીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ સઇયદ ખલીલ્લાહઅલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૯૫૭ થી ૯૯૩ એટલે ઇ૦ સ૦ ૧૫૫૦ થી ૧૫૮૫ સુધી ૩૬ વરસ.

સ—ચાલીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ નીઝાર (બીજા)

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૯૯૩ થી ૧૦૩૮ એટલે ઇ૦ સ૦ ૧૫૮૫ થી ૧૬૨૯ સુધી ૪૫ વરસ.

સ—એકતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ સઇયદઅલી

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સં૦ ૧૦૩૮ થી ૧૦૭૧ એટલે ઇ૦ સ૦ ૧૬૨૯ થી ૧૬૬૧ સુધી ૩૩ વરસ.

સ—બેતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ હશનઅલી

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૦૭૧ થી ૧૧૦૬ એટલે ઇ૦ સ૦ ૧૬૬૧ થી ૧૬૯૫ સુધી ૩૫ વરસ.

સ—તેતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ કાસમઅલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૧૦૬ થી ૧૧૪૩ એટલે ઇ૦ સ૦ ૧૬૯૫ થી ૧૭૩૧ સુધી ૩૭ વરસ.

સ—ચુમાલીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ અબુલ હસનઅલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૧૪૩ થી ૧૧૯૪ એટલે ઇ૦ સ૦ ૧૭૩૧ થી ૧૭૮૦ સુધી ૫૧ વરસ.

સ—પીસતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ ખલીલ્લાહ અલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૧૯૪ થી ૧૨૩૩ એટલે ઇ૦ સ૦ ૧૭૮૦ થી ૧૮૧૭ સુધી ૩૯ વરસ.

સ—છેતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ હસનઅલી (બીજા)

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૨૩૩ થી ૧૨૯૮ એટલે ઇ૦ સ૦ ૧૮૧૭ થી ૧૮૮૧ સુધી ૬૫ વરસ.

વીભાગ ૬ ઠો.

સ—રહેઠાણ પ્રમાણે ઇમામોનો છઠો વીભાગ કયો?

જ—નામદાર બ્રીટીશ સરકારના અદલ ઇનસાફી પ્રતાપવંત રાજ્યમાં હીંદુસ્તાનના મુંબઇ શહેરમાં રહેનારા ઇમામો.

સ—મુંબઇ શહેરમાં કયા ઇમામ પધાર્યા હતા?

જ—છેતાલીસમા ઇમામ હક મૌલાના શાહ હસનઅલી.

સ—મુંબઇ શહેરમાં કેટલા ઇમામો થયા છે.

જ—હક મૌલાના શાહ હસનઅલીથી હક મૌલાના આગા શાહ સુલતાન મહમદ શાહ દાતાર હાજર ઇમામ સુધી ત્રણ ઇમામો.

સ—સડતાલીસમાં ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના શાહ આગા અલીશાહ દાતાર

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૨૯૮ થી ૧૩૦૨ એટલે ઈ૦ સ૦ ૧૮૮૧ થી ૧૮૮૫ સુધી ૪ વરસ.

સ—અડતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હક મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર હાજર ઇમામ.

સ—તેઓ કઇ સાલમાં ઇમામતના તખત ઉપર જલવા-
ગર થયા?

જ—હી૦ સ૦ ૧૩૦૨ એટલે ઇ૦ સ૦ ૧૮૮૫ માં.

સ—હમણાના વખતમાં અડતાલીસમા હાજર ઇમામનું
રહેઠાણ કયાં છે?

જ—હીંદુસ્તાનમાં મુંબઇ શહેરમાં.

સ—હક મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર
હાજર ઇમામનો જન્મ કઇ સાલમાં અને કયાં
ગામમાં થયો?

જ—ઇ૦ સ૦ ૧૮૭૭ માં નવેમ્બર માસની ૨ જી
તારીખે કરાંચી શહેરમાં.

સમાપ્ત.

આ બુક મેનેજર ગુલામહુસેન રાજનભાઈએ ધ
ખોજા સીંધી પ્રીન્ટીંગ પ્રેસ, ૨૧૩ પાલખી મોહલા,
મુંબઈ નં ૯ માં છુપી લાલજીભાઈ
દેવરાજ માટે છાપી અને છુપાં
લાલજીભાઈ દેવરાજે ધી ખોજા સીંધી
પ્રી. પ્રેસ ૨૧૩, પાલખી મોહલા
મુંબઈ નં. ૯ માં પ્રગટ કરી.